# અપંગ વ્યક્તિઓ માટે માધ્યમિક સંક્રમણ યોજના માર્ગદર્શિકા

મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ
પ્રારંભિક હસ્તક્ષેપ/વિશેષ શિક્ષણ સેવાઓનો વિભાગ




સંક્રમણ પ્રક્રિયા પુરાવા-આધારિત પ્રથાઓ સાથે જોડવામાં આવે છે જે શાળા પછીની સફળતા માટે આગાહીકર્તા તરીકે કામ આપે છે.

MARYLAND STATE DEPARTMENT OF EDUCATION
EQUITY AND EXCELLENCE

મેરીલેન્ડની અપંગ વ્યક્તિઓ માટે માધ્યમિક સંક્રમણ યોજના માર્ગદર્શિકા

© 2019 મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ

માર્સેલા ઇ. ફ્રાન્સઝકોવસ્કી, સહાયક રાજ્ય અધિક્ષક, પ્રારંભિક હસ્તક્ષેપ અને વિશેષ શિક્ષણ સેવાઓ વિભાગના માર્ગદર્શન હેઠળ ઉત્પાદિત. કૃપા કરીને આ માહિતીની કોઈ પણ નકલ પર મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ, પ્રારંભિક હસ્તક્ષેપ વિભાગ અને વિશેષ શિક્ષણ સેવાઓનો સંદર્ભ શામેલ કરો. કોઈપણ શબ્દ કે જે કોપિરાઇટ કાયદાની સમજ મુજબ, "ન્યાયી ઉપયોગ" ના હોય તેવા કોઈપણ ઉપયોગ માટે પરવાનગીની વિનંતી કરવા માટે, સંપર્ક કરો: Maryland State Department of Education (મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ), Division of Early Intervention and Special Education Services (પ્રારંભિક હસ્તક્ષેપ અને વિશેષ શિક્ષણ સેવાઓ વિભાગ), 200 West Baltimore Street, Baltimore, Maryland 21201, 410-767-0249 વોઇસ.

મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ રોજગારને અસર કરતી બાબતોમાં અથવા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓમાં પ્રવેશ પૂરો પાડવામાં જાતિ, રંગ, લિંગ, વય, રાષ્ટ્રીય મૂળ, ધર્મ, અપંગતા અથવા લૈંગિક અભિગમના આધારે ભેદભાવ કરતાં નથી અને બોય સ્કાઉટ અને અન્ય નિયુક્ત યુવા જૂથોને સમાન પ્રવેશ પ્રદાન કરે છે. વિભાગની નીતિ સંબંધિત પૂછપરછ માટે, કૃપા કરીને સંપર્ક કરો: Agency Equity Officer (એજન્સી ઇક્વિટી અધિકારી), Equity Assurance and Compliance Office (ઇક્વિટી ખાતરી અને અનુપાલન કચેરી), Office of the Deputy State Superintendent for Finance and Administration (નાણાં અને વહીવટ માટેના નાયબ રાજ્ય અધિક્ષકની કચેરી), Maryland State Department of Education (મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ), 200 West Baltimore Street, Baltimore, Maryland 21201-2595, 410-767-0433 વોઇસ, 410-767-0431 ફેક્સ, 410-333-6442 TTY/TDD.

કેરેન બી. સૅલ્મોન, પીએચ.ડી.
શાળાઓના રાજ્ય અધીક્ષક

બ્રિગેડિયર જનરલ વોર્નર આઇ. સંપ્ટર યુએસએ, નિવૃત્ત
અધ્યક્ષ, મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ બોર્ડ

લેરી હોગન
ગવર્નર

કેરોલ એ. વિલિયમસન, ઇડી.ડી.
શિક્ષણ અને અધ્યયન માટેના નાયબ રાજ્ય અધીક્ષક

માર્સેલા ઇ. ફ્રાન્સઝકોવસ્કી, એમ.એસ.
સહાયક રાજ્ય અધીક્ષક
Division of Early Intervention and Special Education Services (પ્રારંભિક હસ્તક્ષેપ અને વિશેષ શિક્ષણ સેવાઓનો વિભાગ)

200 West Baltimore Street
Baltimore, Maryland 21201
MarylandPublicSchools.org

# આ માર્ગદર્શિકાનો ઉપયોગ કેવી રીતે કરવો

મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ ***અપંગ વ્યક્તિઓ માટે માધ્યમિક સંક્રમણ યોજના માર્ગદર્શિકા*** વિદ્યાર્થીઓ, માતાપિતા/વાલીઓ, શિક્ષકો અને સમુદાય એજન્સીઓને સંક્રમણ પ્રક્રિયા વિશેની માહિતી પ્રદાન કરે છે. જો કે દરેક વિદ્યાર્થી પાસે વ્યક્તિગત કરેલ સંક્રમણ લક્ષ્યો અને પરિણામો હશે, આ માર્ગદર્શિકા અપંગ વ્યક્તિઓ શિક્ષણ અધિનિયમ (IDEA) હેઠળ સંક્રમણ પ્રક્રિયાની આવશ્યકતાઓ તેમજ સકારાત્મક પરિણામ મેળવવા માટે આગ્રહણીય વ્યૂહરચનાઓ અને સંસાધનો વિશે "પ્રારંભિક" માહિતી પ્રદાન કરે છે.

આ માર્ગદર્શિકા નીચે આપેલા વિષયો વિશે વિગતો પ્રદાન કરશે:

- સંક્રમણ આયોજન (IDEA મુજબ રોજગાર અને માધ્યમિક-પછીના શિક્ષણના પરિણામો તરફ દોરી જતું)
- ભાગીદારોની ભૂમિકાઓ અને શામેલગીરી
- મેરીલેન્ડ હાઇ સ્કૂલ ડિપ્લોમા અને મેરીલેન્ડ હાઇ સ્કૂલ સર્ટિફિકેટ ઓફ પ્રોગ્રામ કંપ્લિશન માટેની આવશ્યકતાઓ
- મેરીલેન્ડ સમરી ઓફ પર્ફોર્મન્સ (અગાઉ મેરીલેન્ડ એક્ઝિટ ડોકયુમેંટ)
- ઉમેદવારી વિ. યોગ્યતા
- પુખ્તતાની ઉંમર
- મેરીલેન્ડ પુખ્ત સેવા એજન્સીઓ
    1. Division of Rehabilitation Services (DORS) (પુનર્વસન સેવાઓ વિભાગ)
    2. Developmental Disabilities Administration (DDA) વિકાસલક્ષી અપંગતા સંચાલન
    3. Behavioral Health Administration (BHA) (વર્તનલક્ષી આરોગ્ય સંચાલન)
    4. Department of Labor, Licensing and Regulation – Division of Workforce Development and Adult Learning (DLLR) (લેબર, લાઇસન્સિંગ અને રેગ્યુલેશન વિભાગ - કાર્યબળ વિકાસ અને પુખ્ત વય શિક્ષણ વિભાગ)
- લાભો
- માધ્યમિક-પછીનું શિક્ષણ/વિકલાંગતા સહયોગ સેવાઓ
- પરિવહન/યાત્રા તાલીમ
- આરોગ્ય સંભાળ
- સમુદાય પ્રવેશ
    1. મનોરંજન/નવરાશની પળો
    2. વાલીપણું
    3. સામાજિક સુરક્ષા
    4. નાણાકીય આયોજન/ખાસ જરૂરિયાતો ટ્રસ્ટ/એસ્ટેટ આયોજન
- સંક્રમણ પ્રક્રિયા: એજન્સી જોડાણ

પરિશિષ્ટ A: આગ્રહણીય સમયરેખા(ઓ)

પરિશિષ્ટ B: માધ્યમિક-પછીનું શિક્ષણ/વિકલાંગતા સહયોગ સેવાઓ પ્રશ્નોત્તરી

પરિશિષ્ટ C: ચોક્કસ વસ્તી/સંસાધનો

પરિશિષ્ટ D: વારંવાર ઉપયોગ કરાતા ટૂંકાક્ષરો અને શબ્દાવલી

© મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ, પ્રારંભિક હસ્તક્ષેપ અને વિશેષ શિક્ષણ સેવાઓનો વિભાગ

# સંક્રમણ આયોજન શું છે?

મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ, પ્રારંભિક હસ્તક્ષેપનો વિભાગ/વિશેષ શિક્ષણ સેવાઓ ***વિકલાંગ વ્યક્તિઓ માટે વિશેષ શિક્ષણ સેવાઓ માટે માધ્યમિક સંક્રમણની યોજના માર્ગદર્શિકા*** વિકલાંગ વ્યક્તિઓની શાળાથી માધ્યમિક પછીના પરિણામો પરની ગતિ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. માધ્યમિક સંક્રમણની યોજનાનો એક મુખ્ય ઘટક એ છે કે ક્રમિક સંક્રમણ પ્રવૃત્તિઓ અને સેવાઓ વ્યક્તિ-કેન્દ્રિત છે અને વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ (ઈંડિવિજલ એજ્યુકેશન પ્રોગ્રામ - IEP) ને ચલાવે છે. વિદ્યાર્થીઓને હાઇ સ્કૂલમાંથી સફળતાપૂર્વક નીકળીને કોલેજ, કારકિર્દી અને સમુદાય માટે તૈયાર થવા માટે, વહેલું આયોજન ખૂબ મહત્વપૂર્ણ છે.  મેરીલેન્ડમાં, સંક્રમણની યોજના અને સંક્રમણ સેવાઓનું વિતરણ એ IEP વર્ષ દરમિયાન શરૂ થાય છે, જેમાં વિદ્યાર્થીની ઉંમર 14 વર્ષની થાય છે.

વિકલાંગ વ્યક્તિ શિક્ષણ અધિનિયમ (IDEA) જણાવે છે કે કાયદાનો હેતુ એ "ખાતરી કરવાનો છે કે તમામ વિકલાંગ બાળકોને તેમની પાસે એક નિ:શુલ્ક યોગ્ય જાહેર શિક્ષણ ઉપલબ્ધ હોય જે તેમની અનન્ય જરૂરિયાતોને પહોંચી વળવા માટે રચાયેલ વિશેષ શિક્ષણ અને સંબંધિત સેવાઓ પર ભાર મૂકે છે અને તેમને વધુ રોજગાર અને સ્વતંત્ર જીવન નિર્વાહ માટે તૈયાર કરે છે." કાયદો શિક્ષકો, માતાપિતા અને સમુદાય એજન્સીઓએ વિદ્યાર્થીને, તે અથવા તેણી માધ્યમિક પછીના ધ્યેયો અને પરિણામો તરફ કામ કરતી વખતે ટેકો આપવા માટે સાથે મળીને કામ કરવાની જરૂરિયાત પર ભાર મૂકે છે. વિદ્યાર્થીને તેના પોસ્ટસે-કન્ડરી લક્ષ્યો સુધી પહોંચવા માટે જરૂરી કુશળતાની પ્રાપ્તિમાં સંક્રમણ સેવાઓ પૂરી પાડવી આવશ્યક છે.

IDEA 2004 એ વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થી માટેની પ્રવૃત્તિઓના સંકલિત સમૂહ તરીકે સંક્રમણ સેવાઓ વ્યાખ્યાયિત કરે છે જે:

- પરિણામલક્ષી પ્રક્રિયાની અંદર રહેવા માટે રચાયેલ છે, વિકલાંગ વ્યક્તિની શૈક્ષણિક અને કાર્યાત્મક સિધ્ધિમાં સુધારો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરેલ છે જે તેને શાળામાંથી માધ્યમિક પછીનું શિક્ષણ; વ્યવસાયિક શિક્ષણ; સંકલિત રોજગાર; ચાલુ અને પુખ્ત શિક્ષણ; પુખ્ત સેવાઓ; સ્વતંત્ર જીવનનિર્વાહ અથવા સમુદાય સહભાગિતા સહિતની પોસ્ટ-સ્કૂલ (શાળા પછીની) પ્રવૃત્તિઓ સુધી તેમની ગતિવિધિને સરળ બનાવે છે;
- વ્યક્તિની જરૂરિયાતોને આધારે, તેમની શક્તિ, પસંદગીઓ અને રુચિઓ ધ્યાનમાં લઈને; અને;
- સૂચના, સંબંધિત સેવાઓ, સમુદાયના અનુભવો, રોજગારનો વિકાસ અને શાળા પછીના અન્ય પુખ્ત વયના ઉદ્દેશો અને જ્યારે યોગ્ય હોય ત્યારે રોજિંદા જીવન કૌશલ્યનું સંપાદન અને કાર્યાત્મક વ્યાવસાયિક મૂલ્યાંકન શામેલ કરવા માટે રચાયેલ છે.

© મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ, પ્રારંભિક હસ્તક્ષેપ અને વિશેષ શિક્ષણ સેવાઓનો વિભાગ

# સંક્રમણ આયોજન

સંક્રમણ આયોજનનો ધ્યેય એ છે કે વિકલાંગ વિદ્યાર્થીઓ જ્યારે તેઓ શાળામાંથી પ્રગતિ કરે છે અને પુખ્ત વિશ્વમાં જીવન માટે તૈયાર થાય છે ત્યારે તેઓને સહયોગ આપવો. આમાં કોલેજ, કાર્ય, પરિવહન, રહેવાની વ્યવસ્થા, આરોગ્ય સંભાળ અને દૈનિક જીવનનિર્વાહની યોજના શામેલ છે. પુખ્ત પ્રવૃત્તિઓ નીચેનામાંથી કોઈપણનું સંયોજન હોઈ શકે છે:

- સ્વ-નિર્ધારણ અને હિમાયત
- સમુદાય સહભાગિતા
- માધ્યમિક-પછીનું શિક્ષણ
- રોજગાર તાલીમ
- સ્પર્ધાત્મક રોજગાર
- સ્વતંત્ર જીવનનિર્વાહ
- પુખ્ત સેવા જોડાણો

વિદ્યાર્થીના ભાવિ માટેનું સંક્રમણ આયોજન કારકિર્દીની જાગૃતિ અને સંશોધન પ્રવૃત્તિઓ સાથે પ્રાથમિક શાળાની સાથોસાથ જ શરૂ થાય છે. ઔપચારિક સંક્રમણનું આયોજન IEP પ્રક્રિયા દ્વારા શરૂ થાય છે, જે વર્ષે વિદ્યાર્થી 14 વર્ષના થાય છે અને IEP ના વિકાસ તરફ આગળ વધે કરે છે. વિદ્યાર્થીઓ, માતાપિતા અને શિક્ષકોના સહયોગ સાથે, રોજગાર, માધ્યમિક-પછીના શિક્ષણ અથવા રોજગાર તાલીમના ક્ષેત્રોમાં અને જો યોગ્ય હોય તો સ્વતંત્ર જીવનનિર્વાહમાં તેમના માધ્યમિક-પછીના લક્ષ્યોને ઓળખે છે. આ માધ્યમિક પછીના લક્ષ્યો વય યોગ્ય સંક્રમણ આકારણીના પરિણામો પર આધારિત છે.

## *સંક્રમણ આયોજન શા માટે જરૂરી છે?*

સંક્રમણ યોજના એ સુનિશ્ચિત કરવા માટે રચાયેલ છે કે વિદ્યાર્થીને શાળામાંથી પુખ્ત જીવન તરફ એક સરળ સંક્રમણ કરવા માટે જરૂરી કુશળતા અને સેવાઓ પ્રદાન કરવામાં આવે. IEP વાળા વિદ્યાર્થીઓ માટે, સાર્વજનિક શાળા પ્રણાલીઓ અને બિન-સાર્વજનિક શાળાઓ શૈક્ષણિક સહાય પૂરી પાડે છે જેમાં સહાયક તકનીક, નોકરીની તાલીમ, વ્યક્તિગત સહાય અને IEP ટીમને યોગ્ય લાગે તે અન્ય સમર્થન શામેલ હોઈ શકે છે. જ્યારે વિદ્યાર્થીઓ હાઇ સ્કૂલમાંથી બહાર નીકળે છે, ત્યારે આ સહયોગ આપમેળે પૂરા પાડવામાં આવતાં **નથી**, પછી ભલે તે શાળાના વર્ષો દરમિયાન ઉપલબ્ધ હતા. (પાત્રતા અને ઉમેદવારી અંગેનો વિભાગ જુઓ)

## *સંક્રમણ આયોજનમાં શેનો સમાવેશ થાય છે?*

સંક્રમણ આયોજન પ્રક્રિયા ત્યારે થાય છે જ્યારે IEP વાળા વિદ્યાર્થીઓ ગ્રેજ્યુએશન પછી તેઓ શું કરશે તે ઓળખે છે અને આ લક્ષ્યો સુધી પહોંચવા માટે જરૂરી કુશળતા, તાલીમ, શિક્ષણ અને/અથવા સંસાધનોને ધ્યાનમાં લે છે.  તેમાં આ પણ શામેલ છે:

- યોગ્ય પુખ્ત સેવા એજન્સીઓને ઓળખવી અને અરજી કરવી.
- ભાવિ કોલેજો, નોકરીદાતા અથવા સેવા પ્રદાતાઓ માટે જરૂરી દસ્તાવેજો એકત્રીત કરવા.
- તાલીમ સંક્રમણ પ્રવૃત્તિઓ અને વિદ્યાર્થીઓને આ લક્ષ્યો સુધી પહોંચવામાં સમર્થ બનાવવા માટે
- જરૂરી સહયોગનું નિર્ધારણ.

### *સંક્રમણ માટેનું આયોજન ક્યારથી શરૂ થાય છે?*

સંક્રમણનું આયોજન વિદ્યાર્થી જ્યારે 14 વર્ષના થાય છે ત્યારે શરૂ થાય છે, જો પહેલા ન થઈ ગયા હોય. આ સમયે, એક ઔપચારિક સંક્રમણ યોજના, કે જેમાં વિદ્યાર્થીના માધ્યમિક-પછીના લક્ષ્યો અને સંક્રમણ સેવાઓ શામેલ છે, તે વિકસિત થવી અને IEP માં શામેલ થવી આવશ્યક છે. આ ખૂબ જ વહેલું હોવાનું જણાઈ શકે છે, પરંતુ સાવચેતીપૂર્વક આયોજન કરવું જરૂરી છે, જો વિદ્યાર્થીઓએ તેમના માધ્યમિક-પછીના લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં સહાય માટે જરૂરી કુશળતા અને અનુભવો પ્રાપ્ત કરવા હોય. 14 વર્ષની ઉંમરે સંક્રમણ આયોજન પ્રારંભ કરવાથી વિદ્યાર્થીને તેમની માધ્યમિક-પછીના લક્ષ્યની પસંદગીઓનું અન્વેષણ કરવાનો અને સંક્રમણના અનુભવો અને પ્રાપ્ત કરેલ જ્ઞાનના આધારે તેમને સંશોધિત કરવાનો અથવા બદલવાનો સમય મળે છે. તે માધ્યમિક-પછીની સેવાઓ અને સહયોગ માટે પણ સમય આપશે જેમ કે: કોલેજમાં શૈક્ષણિક સહયોગ, જોબ કોચિંગ, પર્સનલ કેર (વ્યક્તિગત સંભાળ) સહાય, સબસિડીવાળા આવાસો અથવા અન્ય પુખ્ત સેવાઓ.

# ભાગીદારોની ભૂમિકાઓ અને શામેલગીરી

માધ્યમિક-પછીના લક્ષ્યોની ઓળખ જેટલા જ મહત્વપૂર્ણ તે વિવિધ હિસ્સેદારો છે જે સંક્રમણ પ્રક્રિયાને ટેકો આપી શકે છે અને વિદ્યાર્થીને ઓળખેલ લક્ષ્યોને પ્રાપ્ત કરવામાં સહાય કરે છે. હિસ્સેદારો સંક્રમણ યોજનાના ટેબલ પર વિવિધ ભૂમિકાઓ અને જવાબદારીઓ સાથે આવે છે. આ સ્થાનિક શાળા પ્રણાલીઓ મુજબ વિવિધ હોઈ શકે છે.

| ભાગીદાર | ભૂમિકાઓ/જવાબદારીઓ |
|---|---|
| વિદ્યાર્થી | ○ સંક્રમણ યોજનામાં સહભાગીતા<br>○ શક્તિ અને પડકારોને ઓળખવા<br>○ રુચિઓ અને પસંદગીઓ વ્યક્ત કરવી<br>○ માધ્યમિક-પછીના લક્ષ્યો ઓળખવા<br>○ IEP માં ઓળખાયેલ સંક્રમણ પ્રવૃત્તિઓમાં સહભાગી થવું |
| માતા-પિતા/વાલી | ○ IEP અને સંક્રમણ ટીમ આયોજન બેઠકોમાં સહભાગી થવું<br>○ IEP ટીમ સાથે વિદ્યાર્થીઓની શક્તિ, રુચિઓ અને સહાયની જરૂરિયાતોને શેર કરવી<br>○ વિદ્યાર્થીને અન્ય સંક્રમણ સહભાગીઓને એક્સેસ કરવામાં સહાય કરવી<br>○ વિદ્યાર્થીના લક્ષ્યોની હિમાયત કરવી<br>○ સંભવિત નોકરીની તકો માટે સંપર્કો અને નેટવર્ક શેર કરવા<br>○ સંક્રમણ ભાગીદારો માટે પ્રતિસાદ પૂરા પાડવા<br>○ સંક્રમણની સમયરેખાની સમીક્ષા કરવી અને જરૂરિયાત મુજબ સહયોગ માંગવો |
| શાળા તંત્ર | ○ રાજ્ય અને સમુદાય એજન્સીઓ સાથે વાતચીત કરવા માટે માતાપિતા/વાલીની પરવાનગી સુરક્ષિત કરવી<br>○ જ્યારે સંક્રમણની ચર્ચા થાય છે ત્યારે સહભાગીઓને IEP ટીમની મીટિંગ્સમાં આમંત્રિત કરવા<br>○ રાજ્ય એજન્સીઓ જેમ કે Division of Rehabilitation Services (DORS) (પુનર્વસન સેવાઓ વિભાગ), Developmental Disabilities Administration (DDA) )વિકાસાત્મક વિકલાંગતા સંચાલન), અને Behavioral Health Administration (BHA) (વર્તણૂકીય |

| ભાગીદાર | ભૂમિકાઓ/જવાબદારીઓ |
|---|---|
| | સ્વાસ્થ્ય સંચાલન) જેવી માધ્યમિક-પછીની સેવાઓ માટે અરજી કરવામાં માતાપિતા/વાલીઓને સહાય કરવા.<br>○ જો વિદ્યાર્થીના IEP માં સૂચવવામાં આવે તો અધિકૃત કાર્ય વાતાવરણમાં સૂચના અને કાર્ય અનુભવ પ્રદાન કરવા<br>○ પાત્ર વિદ્યાર્થીઓ અને સંભવિત પાત્ર વિદ્યાર્થીઓની ઓળખ થાય છે અને પૂર્વ-રોજગાર સંક્રમણ સેવાઓ (Pre-ETS) પ્રાપ્ત કરે છે તેની ખાતરી કરવા માટે DORS સાથે મળીને કામ કરવું.<br>○ સંક્રમણની યોજનાના પાસાઓ અને રાજ્ય એજન્સીઓ માટે અરજી પ્રક્રિયા/સમયરેખા સંબંધિત માતાપિતા માટે માહિતીપ્રદ બેઠકો પ્રદાન કરવી જે શાળા પ્રણાલીમાંથી બહાર નીકળ્યા પછી વિદ્યાર્થીને સેવાઓ પ્રદાન કરી શકે.<br>○ બહાર નીકળ્યા પછી વિદ્યાર્થીઓની પ્રગતિ અને સ્થિતિને દસ્તાવેજીકૃત અને રિપોર્ટ કરવી |
| મેરીલેન્ડ પુનર્વસન સેવાઓ વિભાગ (DORS) | ○ શક્ય હોય ત્યારે સંક્રમણ યોજના બેઠકોમાં સહભાગી થવું/IEP બેઠકોમાં હાજર રહેવું<br>○ રોજગાર માટેની વ્યક્તિગત યોજના (IPE) વિકસાવવા માટે હાઇ સ્કૂલના છેલ્લા વર્ષ પહેલા લાયક વિદ્યાર્થીઓ સાથે કામ કરવાનું શરૂ કરવું.<br>○ માધ્યમિક-પછીના શિક્ષણ અને/અથવા રોજગારમાં સફળ સંક્રમણ માટે જરૂરી સેવાઓની ઓળખ કરવી<br>○ વિદ્યાર્થીઓને નોકરીના વિકાસ અને રોજગાર સેવાઓ બાબતે સહયોગ આપવા માટે Community Rehabilitation Providers (CRP) (સમુદાય પુનર્વસન પ્રદાતા) સાથે કરાર કરવા<br>○ નોકરી અન્વેષણ પરામર્શ, કાર્ય-આધારિત શિક્ષણ અનુભવો, સ્વ-હિમાયત માટે સૂચના, માધ્યમિક-પછીના શિક્ષણમાં તકો માટે પરામર્શ અને કાર્યસ્થળની તત્પરતા તાલીમના ક્ષેત્રોમાં 14-22 વર્ષની વયના હાઇ સ્કૂલના વિદ્યાર્થીઓને રોજગાર પૂર્વેની તાલીમ સેવાઓ (Pre-ETS) પ્રદાન કરવી. |
| મેરીલેન્ડ વિકાસલક્ષી અપંગતા સંચાલન (DDA) | ○ સંક્રમણ યોજનામાં સહભાગીતા<br>○ વિદ્યાર્થીઓને સેવાઓ માટે લાયક બનવા અને એક્સેસ કરવા માટે યોગ્ય દસ્તાવેજીકરણ છે તે સુનિશ્ચિત કરવા માટે અન્ય સંક્રમણ ભાગીદારો સાથે સહયોગ કરવો<br>○ શાળામાંથી બહાર નીકળ્યા પછી પાત્ર વ્યક્તિઓ માટે લાંબા-ગાળાનું ભંડોળ પ્રદાન કરવું<br>○ શાળામાંથી પુખ્ત વિશ્વમાં સંક્રમણમાં સહાય માટે Coordinator of Community Services (CCS) (સમુદાય સેવાઓના સંયોજક) સાથે કરાર કરવા |

| ભાગીદાર | ભૂમિકાઓ/જવાબદારીઓ |
|---|---|
| પુખ્ત સેવા પ્રદાતાઓ, સમુદાય પુનર્વસન પ્રદાતાઓ (CRP) | ○ સંક્રમણ યોજનામાં સહભાગીતા<br>○ કાર્ય-આધારિત અનુભવોની સુવિધા આપવા અને સ્કૂલમાંથી બહાર નીકળતાં પહેલાં અને પછી જોબ ડેવલપમેન્ટ (નોકરી વિકાસ) અને જોબ કોચિંગ (નોકરી અનુશિક્ષણ) પ્રદાન કરવા માટે શાળા પ્રણાલીઓ અને DORS સાથે કરારબદ્ધ સમજૂતી કરવી.<br>○ હાઈસ્કૂલમાંથી બહાર નીકળ્યા પછી જોબ ડેવલપમેન્ટ અને જોબ કોચિંગ પ્રદાન કરવા માટે DORS અને DDA ક્લાયન્ટ્સ માટે સેવાઓ અને સહયોગ પ્રદાન કરવા |
| કોલેજો, માધ્યમિક-પછીના શિક્ષણ તાલીમ કાર્યક્રમો | ○ કોલેજ કેમ્પસ પર Disability Support Services (વિકલાંગતા સહયોગ સેવાઓ) ના સહયોગથી આવાસન સુવિધા અને સહાયતાની જરૂરિયાતોને ઓળખવા માટે વિદ્યાર્થી સાથે જોડાવું<br>○ કેમ્પસ પ્રવૃત્તિઓ, અભ્યાસક્રમો અને રોજગારમાં સહભાગી થવા માટે પ્રવેશ અને સહાય પ્રદાન કરવી |

# મેરીલેન્ડ હાઇ સ્કૂલ ડિપ્લોમા અને મેરીલેન્ડ હાઇ સ્કૂલ સર્ટિફિકેટ ઓફ પ્રોગ્રામ કંપ્લિશન માટેની આવશ્યકતાઓ

## *મેરીલેન્ડ હાઇ સ્કૂલ ડિપ્લોમા (જુઓ COMAR 13A.03.02.09)*

- મેરીલેન્ડ હાઇ સ્કૂલ ડિપ્લોમા એવા વિદ્યાર્થીને આપવામાં આવશે જે:

  a. નોંધણી, ક્રેડિટ અને સેવાઓ આવશ્યકતાઓ પૂર્ણ કરે છે.
  b. સ્થાનિક શાળા પ્રણાલીઓ વધારાની ક્રેડિટ આવશ્યકતાઓ સ્થાપિત કરી શકે છે અથવા વિદ્યાર્થીઓ દ્વારા રાજ્ય દ્વારા નિર્ધારિત લઘુત્તમ આવશ્યકતાઓથી આગળ સ્થાનિક રૂપે સ્થાપિત આવશ્યકતાઓને પહોંચી વળવા માટે પ્રોત્સાહન રૂપે ડિપ્લોમામાં સમર્થન ઉમેરી શકે છે.

- વધુ માહિતી માટે મુલાકાત લો: http://www.marylandpublicschools.org/programs/Documents/Testing/GraduationsRequirements2018.pdf

## *મેરીલેન્ડ હાઇ સ્કૂલ સર્ટિફિકેટ ઓફ પ્રોગ્રામ કંપ્લિશન (જુઓ COMAR 13A.03.02.09E)*

- મેરીલેન્ડ હાઇ સ્કૂલ સર્ટિફિકેટ ઓફ પ્રોગ્રામ કંપ્લિશન ફક્ત એવા વિકલાંગ વિદ્યાર્થીઓને જ આપવામાં આવશે જે ડિપ્લોમા માટેની આવશ્યકતાઓને પૂર્ણ કરી શકતા નથી પરંતુ જે નીચેના ધોરણોને પૂર્ણ કરે છે:

  a. વિદ્યાર્થી ગ્રેડ 8 અથવા તેના સમકક્ષ વયથી ઓછામાં ઓછા 4 વર્ષ આગળ માટેના શિક્ષણ કાર્યક્રમમાં પ્રવેશ મેળવે છે, અને વિકલાંગ વિદ્યાર્થીના માતાપિતા સાથે સમજૂતી સાથે, વ્યક્તિ માટે કાર્ય-વિશ્વમાં પ્રવેશ યોગ્ય કુશળતા વિકસાવવા માટે, એક નાગરિક તરીકે જવાબદારીપૂર્વક કાર્ય કરવા અને પરિપૂર્ણ જીવનનો આનંદ મેળવવા માટે એક IEP ટીમ દ્વારા નક્કી કરવામાં આવે છે, જેમાં નિમ્નલિખિત શામેલ છે, પરંતુ તે પૂરતું મર્યાદિત નથી:
     - લાભકારક રોજગાર;
     - પોસ્ટ-સેકન્ડરી (માધ્યમિક પછીનું) શિક્ષણ અને તાલીમ;
     - સમર્થિત રોજગાર; અને
     - અન્ય સેવાઓ કે જે સમુદાયમાં સંકલિત કરવામાં આવે છે; અથવા

  b. વિદ્યાર્થી જેણે ગ્રેડ 8 અથવા તેની વય સમકક્ષ પછી 4 વર્ષ માટેના શિક્ષણ કાર્યક્રમમાં પ્રવેશ મેળવ્યો છે અને આગામી શાળા વર્ષના પહેલા દિવસ પહેલા 21 વર્ષની ઉંમરે પહોંચી ગયા હશે.

- મેરીલેન્ડ સમરી ઓફ પર્ફોર્મન્સ જે વિદ્યાર્થીની કુશળતાનું વર્ણન કરે છે તેની સાથે મેરીલેન્ડ હાઇ સ્કૂલ સર્ટિફિકેટ ઓફ પ્રોગ્રામ કંપ્લિશન હોવું જોઈએ.
- કોઈ અપંગ વિદ્યાર્થીને મેરીલેન્ડ હાઇ સ્કૂલ સર્ટિફિકેટ ઓફ પ્રોગ્રામ કંપ્લિશન આપવાનો અંતિમ નિર્ણય વિદ્યાર્થીના હાઇ સ્કૂલમાં છેલ્લા વર્ષના પ્રારંભ સુધી કરવામાં નહીં આવે.
- નોંધપાત્ર જ્ઞાનાત્મક અપંગતા ધરાવતા વિદ્યાર્થી હાઇ સ્કૂલ સ્નાતકની આવશ્યકતાઓને પૂર્ણ નહીં કરી શકે, જો કોઈ વિદ્યાર્થી:
    a. કોઈ અલ્ટેર્નેટિવ એકેડમિક એચિવમેન્ટ સ્ટાન્ડર્ડ્સ ને આધારે અલ્ટેર્નેટિવ એસેસમેન્ટ (AA-AAAS) માં સહભાગી થાય છે; અને
    b. હાઇ સ્કૂલ દ્વારા અલ્ટેર્નેટિવ એકેડમિક એચિવમેન્ટ સ્ટાન્ડર્ડ્સ પર આધારિત સૂચના પ્રાપ્ત કરવાનું ચાલુ રાખે છે.
- જો કોઈ વિદ્યાર્થી, વિદ્યાર્થીના શિક્ષણ કાર્યક્રમની સમાપ્તિ પહેલા સ્નાતક સમારોહમાં ભાગ લે છે, તો સમારોહમાં શાળા પ્રણાલી વિદ્યાર્થીને સર્ટિફિકેટ ઓફ એચિવમેન્ટ અથવા ડિપ્લોમાની જગ્યાએ અન્ય સમાન શીર્ષક ધરાવતું પ્રમાણપત્ર આપશે. (COMAR 13A.03.02.09E(3)

## *મેરીલેન્ડ સમરી ઓફ પર્ફોર્મન્સ (MSOP)*

મેરીલેન્ડ IEP સાથેના વિદ્યાર્થીઓને તેઓ સ્કૂલથી સ્કૂલ પછીની પ્રવૃત્તિમાં સ્થાનાંતર કરે તે પહેલાં મેરીલેન્ડ સમરી ઓફ પર્ફોર્મન્સ (MSOP) પ્રદાન કરે છે. MSOP વિકલાંગતા ધરાવતા વ્યક્તિઓ શિક્ષણ અધિનિયમ, 2004 ની પુનઃઅધિકૃતતા હેઠળ આવશ્યક છે. મેરીલેન્ડમાં, આ દસ્તાવેજ IEP સાથેના તમામ વિદ્યાર્થીઓને તેઓ મેરીલેન્ડ હાઇ સ્કૂલ ડિપ્લોમા અથવા મેરીલેન્ડ હાઇ સ્કૂલ સર્ટિફિકેટ ઓફ પ્રોગ્રામ કંપ્લિશન સાથે બહાર નીકળે તે પહેલાં આપવામાં આવે છે. (જુઓ COMAR 13A.03.02.09E (2)).

## *મેરીલેન્ડ સમરી ઓફ પર્ફોર્મન્સ (MSOP) શા માટે મહત્વનું છે?*

મેરીલેન્ડ સમરી ઓફ પર્ફોર્મન્સ IEP સાથે બહાર નીકળતા વિદ્યાર્થીઓને મહત્વપૂર્ણ માહિતી પ્રદાન કરે છે જેનો તેઓ સ્કૂલમાંથી માધ્યમિક પછીની પ્રવૃત્તિઓમાં સંક્રમણ કરતી વખતે ઉપયોગ કરી શકે છે. આ પ્રવૃત્તિઓમાં રોજગાર, માધ્યમિક પછીનું શિક્ષણ, સમર્થિત રોજગાર અથવા સમુદાય પુનર્વસન પ્રદાતાઓ દ્વારા પૂરા પાડવામાં આવેલ સ્વતંત્ર જીવનનિર્વાહ શામેલ હોઈ શકે છે. MSOP વિદ્યાર્થીના IEP ના ભાગ રૂપે જનરેટ કરવામાં આવશે, અને એકત્રિત કરવામાં આવતી માહિતી વિદ્યાર્થી, પરિવાર અને IEP ટીમના ઇનપુટ પર આધારિત છે.

MSOP સંભવિત નોકરીદાતા, માધ્યમિક-પછીની શિક્ષણ સંસ્થાઓ અને પુખ્ત વયની સેવા પ્રદાતાની યુવાન પુખ્તની કુશળતા, શક્તિ અને કોઈ પણ સહયોગ વિશે સાર્થક માહિતી પ્રદાન કરી શકે છે જે તેને/તેણીને સફળ થવા માટે જરૂર પડી શકે છે. મેરીલેન્ડ સમરી ઓફ પર્ફોર્મન્સના ચાર ભાગો છે. દરેક ભાગ નીચે સૂચિબદ્ધ કરેલ છે.

ભાગ 1 - પૃષ્ઠભૂમિ માહિતી

ભાગ 2 - વિદ્યાર્થીના માધ્યમિક પછીના લક્ષ્યો

ભાગ 3 - સમરી ઓફ પર્ફોર્મન્સ (શૈક્ષણિક, જ્ઞાનાત્મક, અને કાર્યાત્મક સ્તર)

ભાગ 4 - માધ્યમિક પછીના લક્ષ્યો પ્રાપ્ત કરવાની ભલામણો

# ઉમેદવારી વિ. યોગ્યતા

જાહેર શિક્ષણની ઉમેદવારી અને પુખ્ત સેવાઓ માટેની યોગ્યતા વચ્ચેનો તફાવત સમજવો ખૂબ જ મૂંઝવણભર્યું હોઈ શકે છે. મેરીલેન્ડમાં, એક વિકલાંગતા ધરાવતા યુવાન પુખ્ત કે જે વિશેષ શિક્ષણ સેવાઓ મેળવે છે તે શાળાના વર્ષ દરમિયાન નિ:શુલ્ક, યોગ્ય, જાહેર શિક્ષણ માટે હકદાર છે જે વર્ષે તેઓ 21 વર્ષના થાય છે અથવા મેરીલેન્ડ હાઇ સ્કૂલ ડિપ્લોમા અથવા મેરીલેન્ડની હાઇ સ્કૂલ સર્ટિફિકેટ ઓફ પ્રોગ્રામ કંપ્લિશન માટેની આવશ્યકતાઓને પૂર્ણ કરે છે. આ સેવાઓ વિદ્યાર્થીઓના વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ (IEP) ની અંદર IEP ટીમ દ્વારા નક્કી કર્યા મુજબ દસ્તાવેજીકૃત કરવામાં આવે છે અને તેને સ્થાનિક શાળા પ્રણાલી દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે. જે વિદ્યાર્થી મેરીલેન્ડ હાઇ સ્કૂલ ડિપ્લોમા અથવા મેરીલેન્ડ હાઇ સ્કૂલનું સર્ટિફિકેટ ઓફ પ્રોગ્રામ કંપ્લિશન સાથે સ્કૂલ સિસ્ટમમાંથી બહાર નીકળે છે, તે હવે સેવાઓ માટે હકદાર રહેતા નથી. આ તબક્કે વ્યક્તિએ તેઓ પુખ્ત સેવાઓ પ્રાપ્ત કરવા માટે પાત્ર છે કે કેમ તે જોવા માટે અરજી કરવી આવશ્યક છે. પાત્રતાના માપદંડને પહોંચી વળવા ઉપરાંત, પુખ્ત સેવા એજન્સીઓ (દા.ત. DORS, DDA અને BHA) તરફથી સેવાઓ અને સહયોગ મેળવવા માટે ભંડોળ ઉપલબ્ધ હોવું આવશ્યક છે. નીચેનો ચાર્ટ જુઓ.

| **ઉમેદવારી**<br>**જ્યારે શાળામાં પ્રવેશ મળે** | **પાત્રતા (ADA અને વિભાગ 504)**<br>**શાળામાંથી બહાર નીકળ્યા પછી અથવા ઉંમર 21** |
|---|---|
| ઈંડિવિજલ્સ વિથ ડિસેબલ્સ એજ્યુકેશન એક્ટ (IDEA) ધરાવતા વ્યક્તિ એ એક "ઉમેદીવારી" કાયદો છે જેનો હેતુ વિકલાંગ વિદ્યાર્થીઓને વિનામુલ્યે, યોગ્ય પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની ખાતરી આપવાનો છે. | અમેરિકન્સ વિથ ડિસેબીલીટીસ એક્ટ (ADA) એ પહોંચ વિશે છે. કલમ 504 અને એડીએનું લક્ષ્ય અવરોધોને દૂર કરવાનું અને વાજબી આવાસન સગવડની ખાતરી આપવાનું છે. વિકલાંગ વ્યક્તિઓ એકમાત્ર સંપર્ક બિંદુ બને છે, માતાપિતા અથવા પરિવાર નહીં. |
| • મફત, યોગ્ય જાહેર શિક્ષણ (FAPE)<br>• ન્યૂનતમ પ્રતિબંધિત પર્યાવરણ (LRE)<br>• ખાસ રચાયેલ સૂચના (SDI)<br>• સંબંધિત સેવાઓ<br>• વધુ શિક્ષણ, રોજગાર અને સ્વતંત્ર જીવન નિર્વાહ માટેની તૈયારી<br>• એવી સેવાઓ માટે હકદારી કે જે વિદ્યાર્થીઓને શાળામાં સકળતા પાપ્ત કરવામાં મદદ કરશે<br>• સેવાઓ શાળા પ્રણાલી દ્વારા એક્સેસ કરવામાં આવે છે | • માધ્યમિક પછીની સેવાઓ માટેની પાત્રતાની બાંયધરી નથી<br>• વ્યક્તિએ સેવાઓ માટે પાત્ર થવું આવશ્યક છે<br>• સેવાઓ પર ભંડોળ અને ઉપલબ્ધતા પર આધાર રાખે છે<br>• માધ્યમિક-પછીની સેવાઓ ફક્ત એ ખાતરી આપે છે કે<br>• વ્યક્તિઓને સમાન એક્સેસ પ્રદાન કરવામાં આવે<br>• સેવાઓ મેળવવા માટેની જવાબદારી વ્યક્તિ/માતાપિતા/વાલી પર છે<br>• સેવાઓ પૂરી પાડવામાં આવી શકે છે જો પૂરતા કર્મચારીઓ, સુવિધા ખાતે ક્ષમતા હોય અને/અથવા સેવાઓ પૂરી પાડવા માટે ભંડોળ હોય<br>• સ્વ-હિમાયત આવાસન મેળવવા માટે જરૂરી છે |

## *પુખ્તતાની ઉંમર*

પુખ્તતાની વય એ કાયદેસર રીતે નિર્ધારિત વય છે જેમાં વ્યક્તિ પુખ્તતાના તમામ અધિકારો અને જવાબદારીઓ સાથે, એક પુખ્ત માનવામાં આવે છે. જ્યારે *પુખ્તતાની વય* શબ્દનો ઉપયોગ થાય છે, ત્યારે તે સામાન્ય રીતે જ્યારે કોઈ યુવાન વ્યક્તિ પુખ્ત વયની માનવામાં આવતી ઉંમરે પહોંચે છે તેને ઉલ્લેખિત કરે છે. મેરીલેન્ડમાં તે ઉંમર 18 છે. 18 વર્ષની ઉંમરે પહોંચવાના

ઓછામાં ઓછા એક વર્ષ પહેલાં, વ્યક્તિએ IDEA હેઠળ તેમના અધિકારો વિશે જાણ કરવી આવશ્યક છે. મેરીલેન્ડમાં, શૈક્ષણિક નિર્ણય લેવાનું મર્યાદિત સંજોગો સિવાય પુખ્તતાની વયે અપંગતા ધરાવતા વિદ્યાર્થીને આપમેળે સ્થાનાંતરિત થતું નથી. (શિક્ષણ લેખ §8-412.1, મેરીલેન્ડનો એનોટેટેડ કોડ *જુઓ)*

### *Maryland State Adult Service Agencies (મેરીલેન્ડ રાજ્ય પુખ્ત સેવા એજન્સીઓ)*

નીચેનો વિભાગ ચાર રાજ્ય એજન્સીઓ વર્ણવે છે જે લાયક વ્યક્તિઓ માટે સેવાઓ અથવા સહયોગ પૂરા પાડી શકે છે. વ્યક્તિએ દરેક એજન્સી માટે ચોક્કસ પાત્રતાના માપદંડને પૂર્ણ કરવા આવશ્યક છે. ચાર રાજ્ય એજન્સીઓ અને તેમના પાત્રતાના માપદંડનો સંક્ષિપ્ત સારાંશ આપવામાં આવેલ છે.

# મેરીલેન્ડ રાજ્ય પુખ્ત સેવા એજન્સીઓ: DORS

| એજન્સીનું નામ અને વર્ણન | એજન્સી માહિતી |
|---|---|
| **Division of Rehabilitation Services (DORS)<br>(પુનર્વસન સેવાઓ વિભાગ)** | http://www.dors.maryland.gov/ |
| **આ એજન્સી શું કરે છે?** Maryland Division of Rehabilitation Services (DORS) (મેરીલેન્ડ પુનર્વસન સેવાઓ વિભાગ) એ સંપૂર્ણ રોજગાર વિશે છે. જો તમે કામ કરવા માંગો છો, DORS તમને સહાય કરવા માંગે છે! DORS હાઇ સ્કૂલના વિદ્યાર્થીઓને, કોલેજના વિદ્યાર્થીઓને અને અન્ય માન્ય પ્રોગ્રામ્સના વિદ્યાર્થીઓને કામ માટે તૈયાર કરવામાં મદદ કરે છે. DORS વિકલાંગ લોકોને પણ રોજગાર શોધવામાં મદદ કરે છે. જો તમે કામ કરવા માંગતા હોવ અને તમને કોઈ અપંગતા હોય કે જે તમારા માટે નોકરી શોધવી અથવા ચાલુ રાખવી મુશ્કેલ બનાવે છે, તો DORS તમને મદદ કરી શકશે.<br><br>દસ્તાવેજીકૃત અપંગતા ધરાવતા યુવાનોને રોજગાર માટેની તૈયારીમાં મદદ કરવા માટે DORS બે વિશિષ્ટ કાર્યક્રમ પ્રદાન કરે છે:<br>• ઓછામાં ઓછી 14 વર્ષની વયના, ઓછામાં ઓછા હાઇ સ્કૂલમાં હોય, અને 21 વર્ષથી વધુ ઉંમરના વિદ્યાર્થીઓ માટે રોજગાર પૂર્વેની સંક્રમણ સેવાઓ. વધુ માહિતી માટે મુલાકાત લો: http://dors.maryland.gov/Brochures/Pre-ETS_Fact_Sheet.pdf.<br>• હાઇ સ્કૂલ વિદ્યાર્થીઓ માટે હાઇ સ્કૂલના છેલ્લા વર્ષ-પછીના વર્ષે અને આઉટ-ઓફ-સ્કૂલ યુવાનો વ્યાવસાયિક પુનર્વસન સેવા પૂર્વ-રોજગાર સંક્રમણ સેવાઓ ઉપરાંત વધારાની વ્યાવસાયિક પુનર્વસન સેવાઓ માટે પાત્ર હોઈ શકે છે. વ્યવસાયિક પુનર્વસન સેવાઓ માટે અરજી કરવી જોઈએ અને તેના માટે લાયક હોવા જોઈએ. આ સેવાઓ માટે પ્રતિક્ષા સૂચિ હોઈ શકે છે.<br><br>DORS પાસે મેરીલેન્ડની દરેક પબ્લિક હાઇસ્કૂલમાં સંક્રમણ સલાહકાર સોંપાયેલ હોય છે અને ખાસ કરીને એવા વિદ્યાર્થીઓ સાથે કામ કરે છે કે જેઓ રોજગાર માટે તૈયાર થવા | **સેવાઓ કોણ પ્રાપ્ત કરી શકે?** DORS સેવાઓ માટે લાયક બનવા માટે, તમને તમારી કાર્ય કરવાની ક્ષમતા પર ગંભીર અસર કરે તેવી શારીરિક અથવા માનસિક વિકલાંગતા હોવી આવશ્યક છે, અને નોકરી મેળવવા અથવા રાખવા માટે તમને રોજગાર પુનર્વસન સેવાઓની જરૂર હોવી જ જોઇએ. જો તમે સપ્લીમેંટલ સિક્યોરિટી ઇન્કમ (SSI) અને/અથવા સોશિયલ સિક્યોરિટી ડિસેબીલીટી ઇન્સ્યોરન્સ (SSDI) પ્રાપ્ત કરતાં હો, તો તમને DORS સેવાઓ માટે લાયક માનવામાં આવશે. DORS યોગ્યતા અને પસંદગીના ક્રમ વિશે વધારાની જાણકારી માટે કૃપા કરીને મુલાકાત લો: https://dors.maryland.gov/consumers/Pages/eligibility.aspx<br><br>**સેવાઓ શરૂ કેવી રીતે કરવી:** તમે અથવા નીચે સૂચિ કરેલમાંથી કોઈપણ |

| | |
|---|---|
| માટે નોંધપાત્ર વિકલાંગતા ધરાવતા હોય. DORS સંક્રમણ સલાહકારો લાયક વિદ્યાર્થીઓ સાથે તેમના સ્કૂલના છેલ્લાં બે વર્ષ દરમિયાન શાળામાંથી માધ્યમિક-પછીના શિક્ષણ અથવા રોજગારમાં સરળ સંક્રમણની ખાતરી કરવા માટે સંક્રમણની યોજનામાં સહાય કરવા સેવાઓ (જેમ કે કારકિર્દી પરામર્શ અને નિર્ણય લેવા, સહાયક તકનીક, નોકરીની તૈયારી, માધ્યમિક-પછીના શિક્ષણમાં સહાય, જોબ પ્લેસમેન્ટ સેવાઓ, અને જોબ કોચિંગ સેવાઓ) પ્રદાન કરવા અને તેની વ્યવસ્થા કરવાનું કાર્ય કરે છે.<br><br>**ક્યારે અરજી કરવી:** તમારા હાઈસ્કૂલના પ્રથમ વર્ષના પ્રારંભમાં જ DORS વિદ્યાર્થી સેવાઓ સાથે જોડાવાનું અને તમારી હાઈસ્કૂલના છેલ્લાં બે વર્ષમાં વધારાની સેવાઓ માટે અરજી કરવાનું ધ્યાનમાં લો. લાયક થતાં વિદ્યાર્થીઓ ઓછામાં ઓછા હાઈસ્કૂલમાં હોય ત્યારે 14 વર્ષની ઉંમરે પૂર્વ-રોજગાર સંક્રમણ સેવાઓ માટે વિનંતી કરી શકે છે. તે આગ્રહણીય છે કે વિદ્યાર્થીઓ તેમની હાઈસ્કૂલના છેલ્લા વર્ષ પછીના વર્ષના ફોલમાં DORS દ્વારા વ્યવસાયિક પુનર્વસન સેવાઓ માટે અરજી કરે. જો લાયક હોય, તો વ્યવસાયિક પુનર્વસન સેવાઓ વ્યક્તિ જ્યારે હવે વિદ્યાર્થી ન ગણાતો હોય તે પછી તેને ઉપલબ્ધ થઈ શકે છે. વિદ્યાર્થીઓ સાથે તેમના હાઇસ્કૂલના છેલ્લાં બે વર્ષ દરમિયાન કામ કરવાથી, DORS સંક્રમણ સલાહકારોને સંક્રમણનું આયોજન પૂરું પાડવા માટે પૂરતો સમય મળે છે અને શાળામાંથી માધ્યમિક શિક્ષણ અથવા રોજગાર પછીની | તમારી સ્થાનિક DORS ઓફિસને કોલ કરી શકો છો અથવા એજન્સી વેબસાઇટ પરથી ઓનલાઇન રેફરલ ફોર્મ પૂર્ણ કરી શકો છો:<br>• માતાપિતા, વાલીઓની સંમતિ સાથે શાળાના કર્મચારીઓ.<br>• માતા-પિતા અથવા અન્ય પરિવારના સભ્યો.<br>• સેવા પ્રદાતાઓ.<br><br>http://www.dors.maryland.gov/consumers/Pages/referral.aspx |

# મેરીલેન્ડ રાજ્ય પુખ્ત સેવાઓ એજન્સીઓ: DDA

| એજન્સીનું નામ અને વર્ણન | એજન્સી માહિતી |
|---|---|
| **Developmental Disabilities Administration (DDA) (વિકાસલક્ષી અપંગતા સંચાલન)** | https://dda.health.maryland.gov/Pages/dda.aspx |
| **આ એજન્સી શું કરે છે?** Developmental Disabilities Administration (DDA) (વિકાસલક્ષી અપંગતા સંચાલન) એક સંકલિત સેવા વિતરણ પ્રણાલી પૂરી પાડે છે, જેથી વિકાસલક્ષી અપંગતા ધરાવતા લોકો તેમના સમુદાયમાં સંપૂર્ણ સંકલનના લક્ષ્ય માટે સંકલિત સ્પર્ધાત્મક રોજગાર મેળવવા અને જાળવવા સહિતની યોગ્ય સેવાઓ પ્રાપ્ત કરે. DDA ની સમુદાય આધારિત સેવા | **સેવાઓ કોણ પ્રાપ્ત કરી શકે?** DDA દ્વારા ભંડોળ પૂરું પાડેલ સેવાઓ ઉમેદવારી નથી. ટ્રાન્ઝિશનિંગ યુથ (TY) સેવાઓ માટેનું ભંડોળ, ભાગરૂપે, DDA ના ત્રણ ફેડરલ વેવર પ્રોગ્રામ્સમાંથી આવે છે: કમ્યુનિટિ પાથવે, ફેમિલી સપોર્ટ અથવા કમ્યૂનિટી સપોર્ટ. વેવર્સ Centers for Medicare and Medicaid Services (CMS) (ફેડરલ સેન્ટર્સ ફોર મેડિકેર અને મેડિકેઇડ સર્વિસીસ) ના ભંડોળ દ્વારા DDA ને ચોક્કસ સેવાઓ પ્રદાન કરવાની મંજૂરી આપે છે. આ ઉપરાંત, Governor's Transitioning Youth Initiative (GTYI) (ગવર્નર્સ ટ્રાંઝિશનિંગ યૂથ ઇનિશિએટિવ) એ શાળા છોડતા લાયક વિદ્યાર્થીઓ માટે DDA બજેટમાં ભંડોળ મેળવે છે. GTYI એ DDA અને મેરીલેન્ડના Division of Rehabilitation Services (DORS) (પુનર્વસન સેવાઓ વિભાગ) વચ્ચેની ભાગીદારી દ્વારા કરેલ એક સહયોગ છે. |

| | |
|---|---|
| વેવર પ્રોગ્રામ દ્વારા અથવા DDA રાજ્ય દ્વારા ભંડોળ પ્રાપ્ત સેવાઓ દ્વારા, ઘર અને સમુદાય આધારિત વિવિધ સેવાઓ અને પાત્ર લોકોને પૂરા પાડવામાં આવતા સહયોગનો સમાવેશ થાય છે.<br><br>**ક્યારે અરજી કરવી:** તમે DDA સેવાઓ માટે કોઈપણ સમયે અને કોઈપણ ઉંમરે અરજી કરી શકો છો. કોઈપણ DDA સેવા પ્રાપ્ત કરવા માટે તમે DDA પાત્ર થવા જરૂરી છે. જો તમે વિશેષપણે TY સેવાઓ માટે અરજી કરી રહ્યા છો, તો તમારી ઉંમર 14 વર્ષની હોય ત્યારે સર્વિસિંગ ડીડીએ પ્રાદેશિક કચેરીનો સંપર્ક કરો. તમે તમારી યોગ્યતા નક્કી કરવા માટે એપ્લિકેશનને અપડેટ કરવા અથવા પૂર્ણ કરવા માટે સહાયની માંગ કરી શકો છો. તમામ DDA માફી અરજીઓ ભંડોળ માટે ધ્યાનમાં લેવા યોગ્યતા વર્ષની 30 જૂન સુધીમાં પૂર્ણ થવી આવશ્યક છે. જો સંક્રમણની તારીખ 21 મા જન્મદિવસ પછીની હોય, તો તે વ્યક્તિ ઉચ્ચ શાળામાંથી બહાર નીકળવાની અથવા સ્નાતક થયાની તારીખ પછી એક વર્ષ માટે પાત્ર રહેશે. તે પછી સબમિટ થયેલ અરજીઓ પ્રતીક્ષા સૂચિ પર મૂકવામાં આવશે. અરજીઓ નીચેની લિંક પર ઓનલાઇન પણ ઉપલબ્ધ છે: www.dda.health.maryland.gov/Documents/dda_ea_application_updated.pdf. | **TY પહેલ માટે લાયક બનવા માટે**, વ્યક્તિ નીચેના માપદંડોના આધારે, વિકાસાત્મક રીતે અક્ષમ તરીકે સંપૂર્ણ રીતે લાયક હોવા જોઈએ:<br>• મેરીલેન્ડ નિવાસી<br>• વેવર માટે લાયક<br>• 21 વર્ષની ઉંમર<br>• એક ગંભીર દીર્ઘકાલીન અપંગતા હોય કે જે:<br>  o માનસિક બીમારીના એકમાત્ર નિદાન સિવાય શારીરિક અથવા માનસિક ક્ષતિથી હોય.<br>  o એવી સેવાઓની જરૂરિયાતમાં પરિણમે જે વ્યક્તિગત રૂપે આયોજિત અને સંકલિત કરવામાં આવે છે.<br>  o એવી સેવાઓની જરૂરિયાતમાં પરિણમે જે અનંત સમય સુધી ચાલુ રહે તેમ લાગે છે.<br>  o 22 વર્ષની ઉંમર પહેલા પરિણામો થયા હોય.<br>  o સ્વતંત્ર રીતે જીવવા માટેની અક્ષમતામાં પરિણમે<br>**નોંધ:** વિકાસલક્ષી અપંગતાના એકમાત્ર નિદાનનો અર્થ એ નથી કે વ્યક્તિ આપમેળે પાત્ર છે<br><br>વધુ માહિતી માટે, તમારી પ્રાદેશિક કચેરીનો સંપર્ક કરો:<br>• **સેન્ટ્રલ મેરીલેન્ડ** (Anne Arundel, Baltimore, Baltimore City, Harford, and Howard) 1401 Severn Street, Baltimore, MD 21230, 410-234-8200<br>• **સધર્ન મેરીલેન્ડ** (Calvert, Charles, Montgomery, Prince George's, and St. Mary's) 312 Marshall Avenue, Laurel, MD 20707, 301-362-5100<br>• **વેસ્ટર્ન મેરીલેન્ડ:** (Allegany, Carroll, Frederick, Garrett, and Washington) 1360 Marshall Street, Hagerstown, MD 21740, 301-362-5100<br>• **ઈસ્ટર્ન શોર:** (Caroline, Cecil, Dorchester, Kent, Queen Anne's, Somerset, Talbot, Wicomico, and Worcester) 926 Snowhill Road, Building 100, Salisbury, MD 21802 , 410-334-6920 |

# મેરીલેન્ડ રાજ્ય પુખ્ત સેવાઓ એજન્સીઓ: BHA

| એજન્સીનું નામ અને વર્ણન | એજન્સી માહિતી |
|---|---|
| **Behavioral Health Administration (BHA) (વર્તનલક્ષી આરોગ્ય સંચાલન)** | https://bha.health.maryland.gov/pages/index.aspx |
| **આ એજન્સી શું કરે છે?** BHA Maryland Department of Health (MDH) (મેરીલેન્ડ આરોગ્ય વિભાગ) નો એક ભાગ છે જે માનસિક બિમારી અને/અથવા આલ્કોહોલ અને ડ્રગના ઉપયોગની સમસ્યાઓવાળા લોકોને સેવા આપે છે. Local Behavioral Administrations (LBHA) (સ્થાનિક વર્તણૂકીય સંચાલન) અથવા Core Service Agencies (CSA) (કોર સર્વિસ એજન્સીઓ) તરીકે | **સેવાઓ કોણ પ્રાપ્ત કરી શકે?** મેડિકેડ માટે પાત્ર હોય તેવા માનસિક સ્વાસ્થ્ય સંભાળની જરૂરવાળા લોકો. કેટલાક કેસોમાં, નોંધપાત્ર માનસિક સ્વાસ્થ્ય આવશ્યકતાઓવાળા લોકો કે જેઓ આર્થિક કારણોસર મેડિકેડ માટે પાત્ર નથી, તેઓ હજી પણ સહાય માટે લાયક થઈ શકે છે. |

| | |
|---|---|
| ઓળખાતી તેની સ્થાનિક એજન્સીઓ દ્વારા, BHA આ પ્રોગ્રામ્સને ભંડોળ પૂરું પાડે છે અને સંચાલિત કરે છે જેમાં શામેલ છે પરંતુ તે પૂરતું મર્યાદિત નથી: મનોચિકિત્સાના હોસ્પિટલની અંદરના દર્દીઓની સંભાળ, રહેણાંક સારવાર, નિયમિત અને સઘન બહારના દર્દીઓની સંભાળ, સંકટ સેવાઓ, પુનર્વસન સેવાઓ, પરિવારિક સહયોગ, માનસિક બિમારીવાળા લોકો માટે સમર્થિત આવાસન અને સમર્થિત રોજગાર. સંક્રમણ-ઉંમરના યુવાનો માટેના કેટલાક કાર્યક્રમો કેટલાક પ્રદેશોમાં ઉપલબ્ધ છે.<br><br>**ક્યારે અરજી કરવી:** BHA બાળકો (જન્મથી 16 વર્ષ સુધી) અને યુવા અને પુખ્ત સેવાઓ માટે કેટલીક સેવાઓ પ્રદાન કરે છે જે 16 વર્ષની વયે શરૂ થાય છે. વધુ માહિતી માટે, સંદર્ભ લો: https://mmcp.health.maryland.gov/Pages/home.aspx. | **કેવી રીતે અરજી કરવી:** નોંધ લેશો કે જો તમે પહેલાથી મેડિકેડમાં નોંધાયેલા છે, તો તમારે માનસિક આરોગ્ય સેવાઓ માટે અલગથી નોંધણી કરવાની જરૂર નથી. વધુ માહિતી માટે, 410-402-8447 પર ગ્રાહક બાબતોની BHA ઑફિસને અથવા તમારી સ્થાનિક વર્તણૂકીય સંચાલન (LBHA) અથવા કોર સર્વિસ એજન્સી (CSA) નો સંપર્ક કરો. તમે મેરીલેન્ડ એસોસિએશન ઑફ બિહેવિયરલ હેલ્થ ઑથોરિટીઝ પર એજન્સીઓની સૂચિ શોધી શકો છો. www.marylandbehavioralhealth.org |

# મેરીલેન્ડ રાજ્ય પુખ્ત સેવાઓ એજન્સીઓ: મેરીલેન્ડ લેબર

| એજન્સીનું નામ અને વર્ણન | એજન્સી માહિતી |
|---|---|
| **Office of Workforce Development and Adult Learning, Maryland Department of Labor (કાર્યબળ વિકાસ અને પુખ્ત શિક્ષણ કચેરી, મેરીલેન્ડ શ્રમ વિભાગ)** | http://labor.maryland.gov |
| **આ એજન્સી શું કરે છે?** મેરીલેન્ડ ડિપાર્ટમેન્ટ ઓફ લેબર ઑફિસ ઓફ વર્કફોર્સ ડેવલપમેન્ટ યુથ સર્વિસ ડિવિઝન, પુખ્ત લોકોને શૈક્ષણિક અને રોજગાર લક્ષ્યો સુધી પહોંચવા માટે પ્રોગ્રામ્સ અને સેવાઓ પ્રદાન કરે છે. મેરીલેન્ડ લેબર સ્થાનિક અમેરિકાના જોબ સેન્ટર્સ અને વર્કફોર્સ ઇન્વેસ્ટમેંટ બોર્ડ દ્વારા, મેરીલેન્ડ લેબર કારકીર્દિ સલાહ, તાલીમ, કમ્પ્યુટર એક્સેસ અને અન્ય સપોર્ટ સેવાઓ પ્રદાન કરે છે. વર્કફોર્સ ઇનોવેશન અને અપોર્ચ્યુનિટી એક્ટ (WIOA) ના ભંડોળ દ્વારા, મેરીલેન્ડ લેબર અમેરિકન જોબ સેન્ટર્સ સાથે જોડાણમાં વિવિધ રોજગાર સેવાઓ પૂરી પાડે છે અને ગ્રાહકોને કામ સંબંધિત તાલીમ અને શિક્ષણની તકો સાથે જોડે છે. WIOA નીચેની બાબતોમાં યુવા અને યુવાન પુખ્ત લોકો માટે ઉચ્ચ ગુણવત્તાની સેવાઓ પ્રદાન કરવા વિભાગની પ્રતિબદ્ધતાની પુષ્ટિ આપે છે જેમાં શામેલ છે, કારકિર્દી સંશોધન અને માર્ગદર્શન સાથે શરૂઆત, શૈક્ષણિક પ્રાપ્તિ માટે સતત સમર્થન, માંગ સાથેના વ્યવસાયોમાં કુશળતા તાલીમ માટેની તકો, માધ્યમિક-પછીના શિક્ષણમાં નોંધણી, અને કારકિર્દીના માર્ગમાં ઉદ્યોગ માન્યતાપ્રાપ્ત ઓળખપત્રોની પ્રાપ્તિ કે જે રોજગાર તરફ દોરી જશે. | **સેવાઓ કોણ પ્રાપ્ત કરી શકે?** યુથ સર્વિસીઝ ડિવિઝન, 14-24 વર્ષની વયના, અપંગતા ધરાવતા અથવા વગરના, યુવાન વયસ્કોને સેવા આપે છે. વન સ્ટોપ કારકિર્દી કેન્દ્રો કોઈ પણ વયના અપંગતા ધરાવતા અથવા વગરના રોજગાર-શોધકો માટે ઉપલબ્ધ છે. કારકિર્દી સંશોધન, તાલીમ અને નોકરીઓ વિશે વધુ જાણવા માટે, મુલાકાત લો:<br>• સ્થાનિક અમેરિકન જોબ સેન્ટર શોધવા માટે, મેરીલેન્ડ ડિપાર્ટમેંટ ઓફ લેબર વેબસાઇટ http://labor.maryland.gov/county/ પર જાઓ અથવા મેરીલેન્ડ ડિપાર્ટમેંટ ઓફ લેબરને 410-767-2173 પર કોલ કરો, અથવા<br>• મેરીલેન્ડ વર્કફોર્સ એક્સચેન્જ વેબસાઇટ: https://mwejobs.maryland.gov/vosnet/Default.aspx. |

# લાભો

## *મેડીકેઇડ અને મેડીકેઇડ વેવર*

Maryland Department of Health (MDH) (મેરીલેન્ડ આરોગ્ય વિભાગ) મેડિકેઇડ અથવા મેડિકલ સહાય (MA) નું સંચાલન કરે છે. મેડિકેઇડ અને મેડિકેઇડ વેવર પ્રોગ્રામ્સ બંને સ્વાસ્થ્ય કવરેજ, પૂરક સહાયતા, લાંબા ગાળાની સંભાળ અને અપંગ લોકો માટે ઘરે/સમુદાય આધારિત સપોર્ટના મહત્વપૂર્ણ સ્રોત હોઈ શકે છે.

| લાભો | લાભ માહિતી |
|---|---|
| **મેડિકેઇડ** | **મેડિકેઇડ શું કરે છે?**<br>• સ્વાસ્થ્ય-સંભાળ કવરેજ પૂરું પાડે છે.<br>• વ્યક્તિગત સંભાળ સેવાઓ માટે મેડિકેઇડ વેવર પ્રોગ્રામ્સ દ્વારા વધારાનું ભંડોળ પૂરું પાડે છે જેમ કે: વ્યક્તિગત સ્વચ્છતા અને માવજત, શૌચાલય, ભોજન, ડ્રેસિંગ, ગતિશીલતા, ઘર પર તબીબી સહાય અને મેડિકલ એપોઈંટમેંટ પર એક્સેસ.<br>**મેડિકેઇડ માટે કોણ પાત્ર છે?**<br>• સામાન્ય રીતે, તે વ્યક્તિઓ જેઓ :<br>  ○ અક્ષમ<br>  ○ અંધ<br>  ○ તે બાળકની સંભાળ રાખે છે જેના માતાપિતા બેરોજગાર, બીમાર અથવા મૃત છે, અથવા<br>  ○ પ્રોગ્રામની આવક જરૂરિયાતોને પૂર્ણ કરે છે.<br>• મેરીલેન્ડમાં મેડીકેઇડ માટે પાત્રતા સ્થાનિક સોશિયલ સર્વિસિસ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવે છે.<br>• વધુ માહિતી માટે મુલાકાત લો:<br>  ○ https://mmcp.health.maryland.gov/Pages/Am%20I%20Eligible.aspx<br>• https://www.medicare.gov/manage-your-health/i-have-a-disability |
| **મેડિકેઇડ વેવર પ્રોગ્રામ્સ** | મેરીલેન્ડ મેડિકેઇડની ઘર અને સમુદાય-આધારિત સેવાઓ નિયમિત મેડિકેઇડ પ્રોગ્રામ અને "વેવર" કહેવાતા વિશેષ મેડિકેઇડ પ્રોગ્રામ્સ દ્વારા પ્રદાન કરવામાં આવે છે. વેવર અપંગ બાળકોના માતાપિતાની પાત્રતાની આવશ્યકતાઓને બાજુએ રાખે છે અને તે ફક્ત બાળકની આવક જ જુએ છે. દરેક વેવર માટે યોગ્યતાના માપદંડ જુદા જુદા હોય છે અને દરેક જુદી જુદી વસ્તી અથવા ચોક્કસ અપંગતાવાળા લોકો જેવી જુદી જુદી વસ્તીને લક્ષિત કરે છે.<br>• સેવાઓ કોઈ હકદારી નથી.<br>• અરજી કરવા માટે મેરીલેન્ડનો રહેવાસી હોવા આવશ્યક છે અને DDA સેવાઓ માટે લાયક હોવા જોઈએ.<br>• વ્યક્તિઓના બે જૂથો સેવાઓ માટે પાત્ર છે:<br>  ○ વિકાસલક્ષી અપંગતા ધરાવતા અને;<br>  ○ જેઓ ગંભીર, લાંબી અપંગતા ધરાવે છે જે માનસિક બીમારીના એકમાત્ર નિદાન સિવાય શારીરિક અથવા માનસિક સ્થિતિને કારણે થયેલ છે.<br>• મુલાકાત લો https://mmcp.health.maryland.gov/Pages/Am%20I%20Eligible.aspx. |

| લાભો | લાભ માહિતી |
|---|---|
| | • મેડિકેઇડ વેવર પ્રોગ્રામ્સ (કમ્યુનિટિ ફર્સ્ટ ચોઇસ, કમ્યુનિટિ ઓપ્શન્સ અને મેડિકલ પર્સનલ સપોર્ટ સહિત) વિશે વધુ જાણવા માટે 410-767-1739 પર કોલ કરો અથવા મુલાકાત લો http://medicaidwaiver.org/state/maryland.html.<br>ઘર અને સમુદાય આધારિત સેવાઓ વિશેની માહિતી માટે, મુલાકાત લો https://mmcp.health.maryland.gov/waiverprograms/Pages/Home.aspx. |

**કેવી રીતે અરજી કરવી:** મેડિકેઇડ માટે અરજી કરવા માટે, મેરીલેન્ડના રહેવાસીઓ તેમના સોશિયલ સર્વિસિસ કાઉન્ટી અથવા શહેર વિભાગની મુલાકાત લે. ત્યાં, તેઓનું ઇન્ટરવ્યૂ થશે અને તેમની અરજી સબમિટ કરવામાં આવશે. પ્રશ્નોના જવાબો મેળવવા, પાત્રતા ચકાસવા અને મેડિકેઇડ માટે અરજી કરવામાં સહાય માટે https://medicaid-help.org/Primary-Information ની મુલાકાત લો.

## *અપંગ લોકો માટે સામાજિક સુરક્ષા સંચાલન લાભો*

સોશિયલ સિક્યુરિટી ડિસેબિલિટી ઇન્સ્યોરન્સ અને પૂરક સુરક્ષા આવક અપંગતા કાર્યક્રમો ઘણા બધા ફેડરલ પ્રોગ્રામ્સમાંથી સૌથી મોટા છે જે વિકલાંગોને સહાય પૂરી પાડે છે. જ્યારે આ બંને કાર્યક્રમો ઘણી રીતે જુદા જુદા છે, બંનેનું સંચાલન Social Security Administration (SSA) (સામાજિક સુરક્ષા સંચાલન) દ્વારા કરવામાં આવે છે અને અપંગતા ધરાવતા અને તબીબી માપદંડોને પૂર્ણ કરનાર વ્યક્તિઓ બંનેમાંથી કોઈપણ પ્રોગ્રામ હેઠળ લાભ માટે પાત્ર થઈ શકે છે. સામાજિક સુરક્ષા લાભો માટે અરજી કરવા અથવા અપંગતાના નિર્ણયની અપીલ કરવા માટે વધારાની માહિતી અને સહાય માટે https://www.disabilitysecrets.com/ ની મુલાકાત લો.

### **Supplemental Security Income (SSI)-** *પૂરક સુરક્ષા આવક*

| પ્રશ્ન | Supplemental Security Income (SSI) (પૂરક સુરક્ષા આવક) લાભ વિશે જવાબો |
|---|---|
| **Supplemental Security Income (SSI) (પૂરક સુરક્ષા આવક) શું કરે છે?** | Supplemental Security Income (SSI) (પૂરક સુરક્ષા આવક) પ્રોગ્રામ અક્ષમ વયસ્કો અને મર્યાદિત આવક અને સંસાધનો ધરાવતા બાળકોને લાભ આપે છે. એસએસઆઈ એ ફેડરલ આવક પૂરક પ્રોગ્રામ છે જેને સામાન્ય કરની આવક દ્વારા (સામાજિક સુરક્ષા કર દ્વારા *નહીં*) ભંડોળ પૂરું પાડવામાં આવે છે:<br>• વૃદ્ધ, અંધ અને અપંગ લોકોને મદદ કરવા માટે રચાયેલ છે, જેમની આવક ઓછી છે અથવા આવક નથી<br>• ભોજન, કપડાં અને આશ્રય જેવી પાયાની જરૂરિયાતો માટે રોકડ પ્રદાન કરે છે<br>• લાભાર્થીઓને હોસ્પિટલના રોકાણ, ડોક્ટરના બીલ, પ્રિસ્ક્રિપ્શન દવાઓ અને અન્ય આરોગ્ય ખર્ચ માટે ચૂકવણી કરવા માટે તબીબી સહાય (મેડિકેઇડ) પ્રદાન કરે છે.<br>SSI લાભાર્થીઓ ભોજન સહાય માટે પણ પાત્ર થઈ શકે છે. |
| **SSI લાભો માટે કોણ પાત્ર છે?** | • અક્ષમ; અંધ; અથવા વૃદ્ધ (65 અને તેથી વધુ વયના); અને જેમની પાસે મર્યાદિત આવક અને મર્યાદિત સંસાધનો છે.<br>• નાણાકીય યોગ્યતા નક્કી કરતી વખતે અપંગ બાળકોના પરિવારોની આવક અને સંપત્તિ પણ ધ્યાનમાં લેવામાં આવે છે.<br>• 18 વર્ષની ઉંમરે SSA માતાપિતાની આવક અને સંપત્તિને ધ્યાનમાં ન રાખીને માત્ર વ્યક્તિની આવક અને સંપત્તિને ધ્યાનમાં લે છે. |

| પ્રશ્ન | Supplemental Security Income (SSI) (પૂરક સુરક્ષા આવક) લાભ વિશે જવાબો |
|---|---|
| | • જો બાળકને અગાઉ આવકના આધારે SSI માટે નકારી કાઢવામાં આવ્યું હોય, તો તેના 18 મા જન્મદિવસ પછી તેના લાભ માટે ફરીથી અરજી કરો, જ્યારે માતા-પિતાની આવક પાત્રતા હેતુ માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.<br>• પૂરક સુરક્ષા આવક (SSI) મેળવતા વ્યક્તિઓ તબીબી સહાય મેળવવા માટે આપમેળે પાત્ર બને છે. |
| **કેવી રીતે અરજી કરવી?** | • તમે જ્યાં રહો છો તે શહેર અથવા કાઉન્ટીમાં તમારા સામાજિક સેવાના સ્થાનિક વિભાગમાં અરજી દાખલ કરો.<br>• અહીંથી ઓનલાઇન અરજી પૂર્ણ કરો: [https://www.ssa.gov/forms/](https://www.ssa.gov/forms/). એપ્લાય ફોર ડિસેબીલીટી બેનિફિટ્સ પસંદ કરો.<br>• તમારા સામાજિક સેવાના સ્થાનિક વિભાગ અને સ્થાનિક આરોગ્ય વિભાગ પરથી અરજી મેળવો. 1-800-456-8900 પર કોલ કરીને પણ તેને મેઇલ કરી શકાય છે. |
| **જો મારી અરજી નકારવામાં આવે તો શું?** | • જો તમારી અરજીને હાલમાં જ નકારી કાઢવામાં આવી છે, તો અપંગતા લાભો માટેની તમારી યોગ્યતા વિશેના નિર્ણયની સમીક્ષાની વિનંતી કરવા માટે ઇન્ટરનેટ અપીલ એ પ્રારંભિક બિંદુ છે.<br>• જો તમારી અરજી આ કારણે નકારવામાં આવી હોય:<br>    ○ તબીબી કારણોસર, તો તમે ઓનલાઇન અપીલ વિનંતી અને અપીલ વિકલાંગતા રિપોર્ટને પૂર્ણ અને સબમિટ કરી શકો છો.<br>    ○ બિન-તબીબી કારણોસર, તો સમીક્ષાની વિનંતી કરવા માટે તમારે તમારી સ્થાનિક સામાજિક સુરક્ષા ઓફિસનો સંપર્ક કરવો જોઈએ. તમે અપીલની વિનંતી કરવા માટે ટોલ-ફ્રી નંબર 1-800-772-1213 પર પણ કોલ કરી શકો છો. બહેરા અથવા શ્રવણ-શક્તિની સમસ્યા ધરાવતા લોકો ટોલ-ફ્રી TTY નંબર, 1-800-325-0778 પર કોલ કરી શકે છે. |

## *સોશિયલ સિક્યુરિટી ડિસેબિલિટી ઇન્સ્યુરન્સ - સામાજિક સુરક્ષા અપંગતા વીમો (SSDI)*

| પ્રશ્ન | Social Security Disability Insurance (SSDI) (સામાજિક સુરક્ષા અપંગતા વીમો) લાભો વિશેના જવાબો |
|---|---|
| **Social Security Disability Insurance (SSDI) (સામાજિક સુરક્ષા અપંગતા વીમો) શું કરે છે?** | Social Security Disability Insurance (SSDI) (સામાજિક સુરક્ષા અપંગતા વીમો) જો તમે અથવા તમારા પરિવારના અમુક સભ્યો "વીમીત" હોય તો તમને લાભ ચૂકવે છે, એટલે કે તમે લાંબા સમય સુધી કામ કર્યું અને સામાજિક સુરક્ષા વેરો ચૂકવ્યો છે. |

| પ્રશ્ન | Social Security Disability Insurance (SSDI) (સામાજિક સુરક્ષા અપંગતા વીમો) લાભો વિશેના જવાબો |
|---|---|
| **SSDI લાભો માટે કોણ પાત્ર છે?** | SSDI માટે પાત્ર બનવા માટે, વ્યક્તિ 65 વર્ષથી ઓછી ઉંમરની હોવી જોઈએ અને સામાજિક સુરક્ષા પ્રશાસન દ્વારા નિયુક્ત કરેલી લાયક ગંભીર અક્ષમતા હોવી આવશ્યક છે.<br>• અપરિણિત બાળક માતાપિતાના કાર્ય રેકોર્ડ પર લાભ મેળવવા માટે પાત્ર હોઈ શકે છે જો:<br>• બાળક અપંગતા સાથે કે વગર, 18 વર્ષથી ઓછી ઉંમરનું છે; અથવા<br>• બાળક 18-19 વર્ષનું છે અને એક પૂર્ણ-સમયનો વિદ્યાર્થી છે (12 ગ્રેડથી વધુ નહીં); અથવા<br>• 18 વર્ષ કે તેથી વધુનું અપંગતા ધરાવતું બાળક, જે 22 વર્ષની વય પહેલાં શરૂ થયેલ હોય અને પુખ્ત વયના લોકો માટે અપંગતાની વ્યાખ્યાને પૂર્ણ કરે છે. |

# માધ્યમિક-પછીનું શિક્ષણ/વિકલાંગતા સહયોગ સેવાઓ

વિદ્યાર્થીઓએ અપંગ વ્યક્તિ શિક્ષણ અધિનિયમ (IDEA), અપંગતા ધરાવતા અમેરિકન અધિનિયમ (ADA) અને 1973 ના પુનર્વસન કાયદાની કલમ 504, અને તેઓ દ્વારા વિદ્યાર્થીઓને આપેલી જોગવાઈઓ વચ્ચેના તફાવતને સમજવો મહત્વપૂર્ણ છે. હાઈસ્કૂલમાં હો ત્યારે, IEP પ્રક્રિયા દ્વારા શૈક્ષણિક સપોર્ટ કેવી રીતે પૂરા પાડવામાં આવે છે તેની IDEA રૂપરેખા આપે છે. જ્યારે કોઈ વિદ્યાર્થી કોલેજમાં પ્રવેશ કરે છે (માધ્યમિક-પછીનું શિક્ષણ), ત્યારે ADA અને કલમ 404, વિકલાંગ વ્યક્તિઓના સફળતાપૂર્વક માધ્યમિક-પછીના શિક્ષણ માટે વાજબી સવલતો પ્રાપ્ત કરવાના અધિકારની ખાતરી આપે છે. નીચે આપેલ ચાર્ટ હાઈસ્કૂલ અને કોલેજ વચ્ચેના તફાવતની સૂચિ આપે છે.

| સેવા વિસ્તાર | હાઈસ્કૂલ માટે | કોલેજ માટે |
|---|---|---|
| **કાનૂની** | • અપંગ વ્યક્તિ શિક્ષણ અધિનિયમ (IDEA) વિકલાંગ વિદ્યાર્થીઓને મફત અને યોગ્ય શિક્ષણ માટે હકદાર બનાવે છે<br>• IDEA **સફળતા** વિશે છે. | • અપંગતા ધરાવતા અમેરિકન અધિનિયમ (ADA) અને કલમ 504 વાજબી આવાસન સવલતોની બાંયધરી આપે છે.<br>• ADA **એક્સેસ.** વિશે છે. |
| **જરૂરી દસ્તાવેજો** | • વ્યક્તિગત કરેલ શિક્ષણ યોજના (IEP)<br>• દસ્તાવેજીકરણ એ નક્કી કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે કે વિદ્યાર્થી IDEA માં ચોક્કસ કેટેગરીના આધારે સેવાઓ માટે પાત્ર છે કે નહીં | • હાઈસ્કૂલ IEP પૂરતી ન પણ હોઈ શકે.<br>• વિદ્યાર્થીઓએ તેમના પોતાના ખર્ચે મૂલ્યાંકન(નો) કરાવવા પડી શકે છે.<br>• દસ્તાવેજીકરણ ચોક્કસ વાજબી સવલતો પર જાણકારી પૂરી પાડતું હોવું જોઈએ. |
| **હિમાયત** | • માતાપિતા તેમના બાળકો માટે યોગ્ય સેવાઓ અને ટેકો આપવા માટે અધિકારોને સંભાળેલા છે<br>• IEP ટિમમાં શાળાઓ દ્વારા માતાપિતા અને તેમની સહભાગિતા માટે સંપર્ક થવો જરૂરી છે<br>• માતાપિતા તેમના બાળકના શિક્ષક સાથે નિયમિત ધોરણે પ્રત્યક્ષ વાત કરે છે. | • વિદ્યાર્થીઓ પોતાને માટે હિમાયત કરતાં હોવાની અપેક્ષા રાખવામાં આવે છે. માતાપિતાની સંડોવણી હંમેશાં સક્રિય રીતે જરૂરી રાખવામા આવતી નથી અને ક્યારેક તેના માટે નિરુત્સાહિત પણ<br>• કોલેજની ફેકલ્ટી અને સ્ટાફ સામાન્ય રીતે વિદ્યાર્થીઓની સંમતિ વિના સીધા માતાપિતા સાથે વાતચીત કરતા નથી |
| **વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમો અને સહયોગ** | • આઇઇપી ટીમ, જેમાં વિદ્યાર્થી, માતાપિતા અને શાળા જિલ્લાનો સમાવેશ થાય છે, તે વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ (IEP) વિકસાવે છે અને સેવાઓ માટે આ કાનૂની દસ્તાવેજનું પાલન કરવું આવશ્યક છે | • કોલેજમાં કોઈ IEP હોતા નથી.<br>• ડિસેબિલિટી સર્વિસિસ ઑફિસ વિદ્યાર્થી દ્વારા અપાયેલ અપંગતાના દસ્તાવેજોના આધારે આવાસન યોજના વિકસાવશે.<br>• વિદ્યાર્થીએ દરેક સેમેસ્ટરમાં કોલેજ ડિસેબિલિટી સર્વિસિસ ઑફિસમાંથી આવાસનની વિનંતી કરવી આવશ્યક છે |

© મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ, પ્રારંભિક હસ્તક્ષેપ અને વિશેષ શિક્ષણ સેવાઓનો વિભાગ

| | | |
|---|---|---|
| | • માતાપિતા પાસે વિદ્યાર્થીઓના રેકોર્ડ્સ પર એક્સેસ હોય છે અને તે આવાસન પ્રક્રિયામાં ભાગ લઈ શકે છે | • વિદ્યાર્થીની લેખિત સંમતિ વિના માતાપિતાને વિદ્યાર્થી રેકોર્ડ્સ પર એક્સેસ હોતો નથી |

તે મહત્વનું છે કે વિદ્યાર્થીઓ તેમના અધિકારો અને જવાબદારીઓ જાણતા હોય, કેમ કે IDEA કોલેજો, ટ્રેડ સ્કૂલ અથવા યુનિવર્સિટીઓમાં લાગુ પડતો નથી. આ માર્ગદર્શિકાના પરિશિષ્ટ A માં માધ્યમિક-પછીના શિક્ષણ આવાસન ચાર્ટમાં માધ્યમિક-પછીના શિક્ષણ સંસ્થાઓમાં આવાસન સુવિધા અને અપંગતા સેવાઓ વિશેના કેટલાક સામાન્ય પ્રશ્નોની રૂપરેખા આપવામાં આવી છે.

# પરિવહન, ગતિશીલતા, અને મુસાફરી સૂચના

વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો માટે તે કેવી રીતે કોલેજ અથવા કાર્ય જેવા શાળા પછીના વાતાવરણમાં કેવી રીતે મુસાફરી કરશે તેની યોજના બનાવવી મહત્વપૂર્ણ છે. વિદ્યાર્થીઓ શાળામાં હોય ત્યારે, તેમના પરિવહન માટે શાળા પરિવહન, કુટુંબના સભ્યો અથવા મિત્રો પર આધાર રાખે છે. આ સમાન ગતિશીલતા સહયોગ વિદ્યાર્થીઓ શાળા છોડી દે પછી તેઓ માટે ઉપલબ્ધ નહીં હોય. વિદ્યાર્થીઓ માટે જ્યારે તેઓ શાળામાં હોય ત્યારે સ્વતંત્ર મુસાફરી અને પરિવહન વિશે શીખવું મહત્વપૂર્ણ છે જેથી જ્યારે તેઓ શાળામાંથી નીકળે ત્યારે તેઓને જ્યાં જવાની જરૂર હોય ત્યાં જવા માટે જ્ઞાન અને કુશળતા હોય.

સંક્રમણ આયોજનમાં, ટીમ નિમ્નલિખિત માટે પરિવારો અને વિદ્યાર્થીઓ સાથે સહયોગથી કાર્ય કરી શકે છે:

- સ્વતંત્ર મુસાફરી કરવા માટે વિદ્યાર્થીની ગતિશીલતા અને કાર્યાત્મક ક્ષમતાનું મૂલ્યાંકન કરવા;
- નિર્ણય લેવા, સમસ્યા હલ કરવા અને તેઓ સ્વતંત્ર રીતે મુસાફરી કરતા હોય ત્યારે જરૂરી હોઈ શકે તેના માટે સામાજિક ધોરણો સમજવા માટે વિદ્યાર્થીની જ્ઞાનાનાત્મક ક્ષમતાનું મૂલ્યાંકન કરવા;
- સ્થાનિક પરિવહન એજન્સીઓની મુલાકાનોની અનુસૂચિ બનાવવા, જ્યાં વિદ્યાર્થીઓ સમુદાય પરિવહન વિકલ્પો વિશે શીખી શકે છે;
- પરિવહન વ્યવસાયિકોને તેમની સેવાઓ વિશે વાત કરવા વિદ્યાર્થીઓ સાથે મુલાકાત લેવા આમંત્રણ આપવા;
- વિદ્યાર્થી-કેન્દ્રિત પ્રવૃત્તિઓ દ્વારા તેમના સમુદાયમાં ઉપલબ્ધ હોઈ શકે છે તે પરિવહન સેવાના પ્રકારોની તપાસ કરવા;
- સ્થાનિક પરિવહન આયોજન સંસ્થાઓ અને પરિવહન એજન્સીઓ દ્વારા ગતિશીલતા વિકલ્પો વિશે જાણવા;
- વિદ્યાર્થીઓને જાહેર પરિવહનનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખવવા માટે મુસાફરી સૂચના અને પ્રવાસન તાલીમ કાર્યક્રમો ઓળખવા; અને;
- વિદ્યાર્થીઓ માટેના સૌથી વધુ વ્યાપક પરિવહન વિકલ્પો વિશે વિચારવા.

પરિવહન રોજગાર, શિક્ષણ, આરોગ્ય સંભાળ અને મનોરંજન જેવી તકો પર એક્સેસ પ્રદાન કરે છે. અપંગ વ્યક્તિઓ કે જેઓ વાહન ચલાવતા નથી અથવા તેમની પાસે વાહન ઉપલબ્ધ નથી, તેમને વૈકલ્પિક ગતિશીલતા વિકલ્પોનો વિચાર

કરવો પડશે. પરિવહન સેવાઓ સમગ્ર રાજ્યમાં અલગ અલગ હોય છે. કેટલાક વિદ્યાર્થીઓ કે જેઓ લાયક છે, તેમના માટે પેરાટ્રાંઝિટ સેવાઓ, સૌથી વધુ યોગ્ય મુસાફરી મોડ હોઈ શકે છે. મેરીલેન્ડમાં, મેરીલેન્ડ ટ્રાંઝિટ ઓથોરિટી મોબિલીટી લિંક પ્રોગ્રામ, જે વિદ્યાર્થીઓ તેમની યોગ્યતા નક્કી કરવા માટે આકારણી પ્રક્રિયામાંથી પસાર થાય છે તેમને ઘરેથી ઘર સુધી પરિવહન સેવા પ્રદાન કરે છે. મોબિલીટીલિંક, જે ખાસ કરીને વિકલાંગ વ્યક્તિઓ માટે બનાવવામાં આવી છે, તે અમેરિકન વિથ ડિસેબિલિટી એક્ટ (ADA) ની આવશ્યકતા છે અને તેના માટે અગાઉથી સૂચના અને સમયપત્રક આવશ્યક છે. જો કે, ઘણા વિદ્યાર્થીઓ માટે, સમાવિષ્ટ સમુદાય પરિવહન વિકલ્પો જે વિદ્યાર્થીઓને સ્વયંભૂ મુસાફરી કરવા માટે સક્ષમ કરે છે તે સૌથી યોગ્ય સેવા છે. સંક્રમણ વ્યાવસાયિકો, પરિવારો અને યુવાનો પોતે પરિવહન વ્યવસાયિકો સાથે મળીને કાર્ય કરી શકે છે જે વિદ્યાર્થીની જરૂરિયાતો અને ક્ષમતા સાથે અનુરૂપ ગતિશીલતા સેવા નક્કી કરે છે.

## પરિવહન સાધનો

- સ્થાનિક પરિવહન પ્રદાતાઓને ઓળખવા માટે રાજ્ય પરિવહન અને પારગમન સંચાલન વિભાગ એક મૂલ્યવાન સાધન છે.
  - Maryland Transit Administration (MTA) (મેરીલેન્ડ ટ્રાન્ઝિટ એડમિનિસ્ટ્રેશન)
  - મેરીલેન્ડ અપંગ વ્યક્તિઓ અથવા વૃદ્ધ વયસ્કોને સમુદાય પરિવહનનો ઉપયોગ કરવા માટે સક્ષમ કરવા માટે મફત અથવા ઘટાડેલા ભાડા કાર્યક્રમ પ્રદાન કરે છે. આ પ્રોગ્રામ વિશે જાણવા માટે, મેરીલેન્ડ MTA રાહતદર ભાડા કાર્યક્રમની મુલાકાત લો: https://mta.maryland.gov/disabled-reduced-fare-program
- કેટલાક વિદ્યાર્થીઓને મુસાફરી માટે નોંધપાત્ર સહયોગની જરૂર હોઈ શકે છે અને તેઓ જાહેર બસ અથવા ટ્રેન (MTA ફિક્સ રૂટ સિસ્ટમ) નો ઉપયોગ કરીને સ્વતંત્ર રીતે મુસાફરી કરી ન પણ શકે. MTA મોબિલીટીલિંક (પેરાટ્રાન્સિટ) પ્રોગ્રામ મોબિલીટીલિંક માટેની પાત્રતા આવશ્યકતાઓ વિશે જાણો: https://mta.maryland.gov/mobility.
- ટેક્સી સેવાઓ કેટલાક વિદ્યાર્થીઓ માટે ઉચિત હોઈ શકે છે અને યુવાનોને એવી જગ્યાએ લઈ જઈ શકે છે જ્યાં બસો અથવા ટ્રેનો ન જતી હોય.
  - મેરીલેન્ડ ટેક્સી સેવાઓ: http://mdod.maryland.gov/transport/Pages/Taxi-Services.aspx
- ફેડરલ સંસાધનો રાષ્ટ્રીય અથવા સ્થાનિક કાર્યક્રમો વિશેની માહિતી પ્રદાન કરી શકે છે.
  - US Department of Labor (યુ.એસ. શ્રમ વિભાગ), ઓફિસ ઓફ ડિસેબીલીટી એમ્પ્લોયમેંટ પોલિસી, ટ્રાન્સપોર્ટેશન પોર્ટલ. પરિવહન સંસાધનો, અને અપંગતા કાયદા હેઠળના અમેરિકનો હેઠળના પ્રદાતાઓની જવાબદારીઓ પર પ્રકાશ પાડે છે. https://www.dol.gov/odep/topics/Transportation.htm
  - US Department of Transportation (યુએસ પરિવહન વિભાગ), Federal Transit Administration (ફેડરલ ટ્રાન્ઝિટ એડમિનિસ્ટરેશન). કેટલીક ફેડરલ એજન્સીઓ પરિવહન સેવા અને ખર્ચને ટેકો આપી શકે છે. Coordinating Council on Access and Mobility (CCAM) (પ્રવેશ અને ગતિશીલતા પર સંયોજક પરિષદ) દ્વારા આ સંસાધનોનું સંકલન કરવાના ફેડરલ પ્રયત્નો વિશે જાણો. https://www.transit.dot.gov/ccam

## *યાત્રા સૂચના*

મુસાફરી સૂચના એ વ્યાપક, સઘન સૂચના છે જે વિકલાંગ વિદ્યાર્થીઓને જાહેર પરિવહનનો સલામત અને સ્વતંત્ર રીતે ઉપયોગ કેવી રીતે કરવો તે શીખવવા માટે રચાયેલ છે. મુસાફરી સૂચનો, અપંગ વિદ્યાર્થીઓની ગતિશીલતા, સ્વતંત્રતા અને તકો વધારવા માટે સ્થાનિક જાહેર પરિવહનનો ઉપયોગ કેવી રીતે કરવો તે શીખવાની પ્રક્રિયા છે. અપંગ વિદ્યાર્થીઓને એ જાણ હોવી આવશ્યક છે કે પરિવહનની કઈ સિસ્ટમ ઉપલબ્ધ છે, તેમને એક્સેસ કેવી રીતે કરવી, તેમની મુસાફરીનું આયોજન કેવી રીતે કરવું અને અણધારી પરિસ્થિતિ અથવા કટોકટીમાં શું કરવું તે જાણવું જોઈએ. મુસાફરી સૂચના પ્રશિક્ષિત પ્રશિક્ષકો દ્વારા પ્રદાન કરવી આવશ્યક છે જે વર્ગખંડમાં (પ્રવાસની પરિચિતતા), અને અધિકૃત સમુદાય સેટિંગ્સ (મુસાફરી તાલીમ) માં સતત સૂચના આપી શકે છે. મુસાફરી તાલીમના પરિણામે સ્વતંત્રતા, આત્મવિશ્વાસ અને તેમના સમુદાયોમાં રહેવાની, શીખવાની, કાર્ય કરવાની અને રમવાની ક્ષમતામાં વધારો થાય છે. સંક્રમણ વ્યવસાયિકો મુસાફરીની સૂચના પ્રદાન કરવા માટે મુસાફરી પ્રશિક્ષકો સાથે મળીને કાર્ય કરી શકે છે જેમાં શામેલ છે:

- ટ્રાવેલ ઓરિએન્ટેશન: પરિવહન પ્રણાલીને સમજાવવાનાં હેતુ માટે હાથ ધરવામાં આવતી વ્યક્તિગત અથવા જૂથ પ્રવૃત્તિ.
- મુસાફરી પરિચિતતા: એક્સેસ અને ઉપયોગીતાની સુવિધાઓને નિર્દેશિત કરવા/સમજાવવા માટે પરિવહન અથવા માર્ગના નવા મોડ પર વિદ્યાર્થીઓ સાથે યાત્રા પ્રશિક્ષક સાથે પરિવહન પ્રણાલીનો ઉપયોગ કરવાની સુવિધા પ્રદાન કરવા માટેની વ્યક્તિગત અથવા જૂથ પ્રવૃત્તિ.
- મુસાફરી તાલીમ: જાહેર પરિવહન પર સ્વતંત્ર મુસાફરી માટે જરૂરી કુશળતા અને વર્તણૂકોમાં એક-એક કરીને વ્યાપક, વિશેષરૂપે રચાયેલ સૂચના. મુસાફરી તાલીમ સમુદાય અને અધિકૃત સેટિંગ્સમાં આપવામાં આવે છે. https://www.travelinstruction.org/

## *યાત્રા સૂચના સંસાધનો*

- Association of Travel Instruction (ATI) (યાત્રા સૂચન સંઘ). રાષ્ટ્રીય સભ્યપદ સંગઠનનું નિમ્નલિખિત ધ્યેય છે: ગુણવત્તાયુક્ત મુસાફરી સૂચનાને પ્રોત્સાહન આપવા માટે સહયોગ, માહિતી, તાલીમ અને શિક્ષણ પ્રદાન કરીને અપંગ અને વૃદ્ધ પુખ્ત વયના તમામ લોકોના જાહેર પરિવહન અને સમુદાય સહભાગિતાના સમાન એક્સેસના અધિકારને ઉન્નત બનાવવા.https://www.travelinstruction.org/
- National Aging and Disability Transportation Center (NADTC) (રાષ્ટ્રીય વૃદ્ધત્વ અને અપંગતા પરિવહન કેન્દ્ર). યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રાન્સપોર્ટેશન, ફેડરલ ટ્રાન્ઝિટ એડમિનિસ્ટ્રેશન દ્વારા ભંડોળ પ્રાપ્ત કરતાં રાષ્ટ્રીય તકનીકી સહાય કેન્દ્ર, કે જે વૃદ્ધ વયસ્કો, અપંગ લોકો, સંભાળ પ્રદાતાઓ અને સમુદાયો માટે પરિવહન વિકલ્પોની ઉપલબ્ધતા અને સુગમતાને પ્રોત્સાહન આપે છે. NADTC યાત્રા સૂચના વિશે વિવિધ સંસાધનો ધરાવે છે. www.nadtc.org

## *પરિવહન અને ગતિશીલતા સેવાઓને ઓળખવા માટેના સંસાધનો*

- Center for Mobility Equity (ગતિશીલતા સમાનતા માટેનું કેન્દ્ર). MDTrip (એમડીટ્રીપ). આ વેબ પોર્ટલ અને સંગઠન મેરીલેન્ડના ઘણા સેવા પ્રદાતાઓ સાથે મળીને કામ કરે છે જેથી અમારા વપરાશકર્તાઓને એક

ઉપયોગ કરવામાં સરળ વેબસાઇટ પર વિવિધ પરિવહન વિકલ્પો પ્રદાન કરી શકાય. તેનું ઉદ્દેશ્ય લોકોને સમગ્ર મેરીલેન્ડમાંના સ્થળો પર પહોંચવા માટે પરિવહન વિકલ્પોનું અન્વેષણ અને ઉપયોગ કરવામાં મદદ કરવાનું છે. MDTrip યાત્રા સૂચન પણ પ્રદાન કરે છે. https://www.mdtrip.org/

- National Center for Mobility Management (ગતિશીલતા સમાનતા માટેનું રાષ્ટ્રીય કેન્દ્ર). યુ.એસ. ડિપાર્ટમેન્ટ ઓફ ટ્રાન્સપોર્ટેશન, ફેડરલ ટ્રાન્ઝિટ એડમિનિસ્ટ્રેશન દ્વારા ભંડોળ પ્રાપ્ત કરતું રાષ્ટ્રીય તકનીકી સહાયતા કેન્દ્ર, સારા આરોગ્ય, આર્થિક જીવનશક્તિ, આત્મનિર્ભરતા અને સમુદાયને આગળ વધારતી ગ્રાહક-કેન્દ્રિત ગતિશીલતા વ્યૂહરચનાને પ્રોત્સાહન આપે છે. NCMM માં મોબિલિટી (ગતિશીલતા) મેનેજર્સ કહેવાતા સ્થાનિક પરિવહન સંસાધનો અને વ્યવસાયિકોના નેટવર્કની લિંક્સ શામેલ છે, જે પરિવહન સંસાધનો વિશે જાણકાર હોય છે. www.nc4mm.org

# આરોગ્ય-સંભાળ સાધનો

શાળા પ્રણાલીમાંથી બહાર નીકળતા વિદ્યાર્થીઓ માટે આરોગ્યસંભાળની પહોંચ એ એક મહત્વપૂર્ણ વિચારણા છે. યુવાનો જ્યારે હાઇસ્કૂલમાંથી પુખ્ત જીવનમાં સંક્રમણ કરે છે ત્યારે તે મહત્વનું છે કે તેઓ તેમના માધ્યમિક પછીના લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે તંદુરસ્ત જીવનશૈલી જાળવી રાખે. આમાં તેમની આરોગ્યસંભાળ અને દવાઓનું સંચાલન કરવું, આરોગ્યસંભાળના વ્યાવસાયિકો સાથે વાતચીત કરવી અને હેલ્થકેર વીમા વિકલ્પોની સમજ શામેલ હોઈ શકે છે. અપંગ વ્યક્તિઓ 21 વર્ષના થાય ત્યાં સુધી બાળરોગ ચિકિત્સકોની મળી શકે છે, પરંતુ કેટલાક તબક્કે, બાળરોગથી લઈને પુખ્ત વયના નિષ્ણાત ડોક્ટર તરફ જવું તે નિર્ણાયક છે. નીચે આપેલી લિંક્સ, અપંગ વ્યક્તિઓ માટે આરોગ્ય સંભાળ અને પુખ્ત આરોગ્યસંભાળમાં સંક્રમણ વિશેની માહિતી પ્રદાન કરે છે:

- Office of Genetics and People with Special Needs Resource Locator (આનુવંશિક કચેરી અને વિશેષ જરૂરિયાતોવાળા લોકોના સ્રોત શોધકની કચેરી): https://phpa.health.maryland.gov/genetics/Pages/home.aspx
- National Center for Medical Home Implementation (તબીબી ઘર અમલીકરણ માટેનું રાષ્ટ્રીય કેન્દ્ર): https://medicalhomeinfo.aap.org/Pages/default.aspx
- Youth to Adult Health Care Transition (યુવાથી પુખ્ત આરોગ્ય સંભાળ સંક્રમણ): https://phpa.health.maryland.gov/genetics/Pages/Health_Care_Transition.aspx
- Got Transition (ગોટ ટ્રાન્ઝિશન): http://www.gottransition.org/

# સમુદાય પ્રવેશ સંસાધનો

## *મનોરંજન અને નવરાશની પળો*

- **મેરીલેન્ડ લર્નિંગ લિંક્સ** એ મનોરંજન અને લેઝર (નવરાશ) પ્રોગ્રામ્સ, તેમજ મેરીલેન્ડમાં મનોરંજન પ્રવૃત્તિઓથી સંબંધિત સંસાધનોનું એક વ્યાપક નેટવર્ક પ્રદાન કરે છે.https://marylandlearninglinks.org

- **એક્સેસ ફોર ઓલ (બધા માટે પ્રવેશ): મેરીલેન્ડ ડિપાર્ટમેન્ટ ઓફ નેચરલ રિસોર્સિસ (DNR)** એ સુનિશ્ચિત કરવા માટે કાર્ય કરે છે કે રાજ્યના ભવ્ય કુદરતી સંસાધનો તમામ નાગરિકો અને મુલાકાતીઓ માટે સુલભ રહે. વિભાવના અને ડિઝાઇનથી બાંધકામ અને અમલીકરણ સુધી, કેમ્પિંગ વિસ્તારો, કેબિન, ફિશિંગ અને બોટિંગ ડોક્સ, મુલાકાતી કેન્દ્રો, રસ્તાઓ અને અન્ય આઉટડોર મનોરંજન સુવિધાઓ પર સમય અને ધ્યાન આપવામાં આવ્યું છે જેથી વિકલાંગોને મેરીલેન્ડના શ્રેષ્ઠ આઉટડોરનો આનંદ માણકરવો સંભવ બને. DNR વિકલાંગ લોકોનો સમાવેશ કરવા માટે સુગમતાના વિસ્તરણ માટે સતત કાર્યરત છે. http://dnr.maryland.gov/Publiclands/Pages/accessforall.aspx

## *કમ્યૂનિટી લિવિંગ રિસોર્સિસ*

- Centers for Independent Living (સ્વતંત્ર જીવનનિર્વાહ માટેના કેન્દ્રો), અપંગ વ્યક્તિઓને સમુદાયમાં સ્વ-નિર્દેશિત, સ્વતંત્ર અને ઉત્પાદનશીલ જીવન જીવવા માટે સશક્ત કરવામાં સહાય માટે સેવાઓ પૂરી પાડે છે. http://www.msilc.org/map.html
- Service Access & Information Link (SAIL) (સેવા સુગમતા અને માહિતી લિંક): વેબ-આધારિત સ્ક્રિનિંગ એપ્લિકેશન ટૂલ જે મેરીલેન્ડના નાગરિકોને મેરીલેન્ડ સ્ટેટ દ્વારા ઓફર કરવામાં આવતી અન્ય સામાજિક સેવાઓ વિશે, અરજી કરવા, નવીકરણ કરવા અથવા શીખવાની મંજૂરી આપશે. https://mydhrbenefits.dhr.state.md.us/dashboardClient/#/home
- સોશિયલ સિક્યોરિટી એડ્મિનિસ્ટ્રેશન રેડબુક: સામાજિક સુરક્ષા અપંગતા વીમા (SSDI) અને પૂરક સુરક્ષા આવક (SSI) લાભ કાર્યક્રમો માટે રોજગાર-સંબંધિત જોગવાઈઓ વિશેનો એક ત્વરિત સંદર્ભ સ્રોત. https://www.ssa.gov/redbook/eng/main.htm
- સહાય માટેનો પ્રથમ કોલ: ગ્રેટર બાલ્ટીમોર વિસ્તારમાં 410-685-0525 પર અથવા બાલ્ટીમોરની બહાર (800) 492-0618 પર સંપર્ક કરીને મેરીલેન્ડમાં સ્વાસ્થ્ય અને માનવ સેવાઓ માટે નિ:શુલ્ક અને ગોપનીય સંદર્ભ પ્રાપ્ત કરો. https://211md.org/

## *ઇન-હોમ સપોર્ટ અને સેવાઓ*

- **કમ્યૂનિટી ફર્સ્ટ ચોઇસ (CFC) પ્રોગ્રામ** વૃદ્ધ પુખ્ત લોકો અને અપંગ વ્યક્તિઓને તેમના પોતાના મકાનમાં રહેવા સક્ષમ બનાવવા માટે સમુદાય સેવાઓ અને સપોર્ટ પૂરા પાડે છે. કેટલાક સપોર્ટમાં શામેલ છે: વ્યક્તિગત સહાય સેવાઓ, વ્યક્તિગત ઇમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ્સ, સહાયક તકનીક, સુગમતા અનુકૂલન, ઉપભોક્તા તાલીમ અને ઘર વિતરિત કરવામાં આવતા ભોજન. વ્યક્તિ સંસ્થાકીય સંભાળના સ્તરને પૂરા કરતાં હોવા જોઈએ અને સમુદાય મેડિકેઇડ માટે આર્થિક રીતે પાત્ર હોવા જોઈએ. વધુ માહિતી માટે, મેડિકેઇડની લાંબા ગાળાની સંભાળ અને વેવર સેવાઓનો: 410-767-1739 પર અથવા 1-877-463-3464 પર અથવા MD રિલે સર્વિસનો 1-800- 735-2258 પર સંપર્ક કરો. વધુ માહિતી માટે મેરીલેન્ડ આરોગ્ય વિભાગની મુલાકાત લો.
- **મેરીલેન્ડ પર્સનલ કેર (MPAC) પ્રોગ્રામ** ઇન-હોમ પર્સનલ કેર પ્રદાન કરે છે, વિકલાંગ વ્યક્તિઓ અથવા મેડિકેડ માટે લાયકાત ધરાવતા દીર્ઘકાલીન તબીબી પરિસ્થિતિઓ માટેના આયોજન અને નર્સ મોનિટરિંગ સેવાઓને સમર્થિત કરે છે. સેવાઓ કાર્યસ્થળમાં પ્રદાન કરવામાં આવી શકે છે. આ કાર્યક્રમ સ્થાનિક આરોગ્ય વિભાગ દ્વારા સંચાલિત કરવામાં આવે છે. વધુ માહિતી માટે, તમારા સ્થાનિક આરોગ્ય વિભાગ

અથવા મેરીલેન્ડ આરોગ્ય વિભાગનો: 410-767-1739 અથવા પર 1-877-463-3464 અથવા MD રિલે સર્વિસ માટે 1-800- 735-2258 પર સંપર્ક કરો.

- **કમ્યુનિટિ પાથવેઝ વેવર** Maryland Department of Health (DMH) (મેરીલેન્ડ આરોગ્ય વિભાગ) હેઠળ Developmental Disabilities Administration (DDA) (વિકાસલક્ષી અપંગતા સંચાલન) દ્વારા સંચાલિત કરવામાં આવે છે. આ વેવર બૌદ્ધિક અથવા વિકાસલક્ષી અપંગતા ધરાવતા પાત્ર વ્યક્તિઓને વિશાળ શ્રેણીની સેવાઓ પ્રદાન કરે છે જે લાઇસેંસ પ્રાપ્ત પ્રદાતા એજન્સીઓ અથવા સ્વ-નિર્દેશિત સેવાઓ હેઠળ સ્વતંત્ર પ્રદાતાઓ દ્વારા પ્રદાન કરવામાં આવે છે. સેવાઓ પ્રાપ્ત કરવા માટે એક પ્રતીક્ષા સૂચિ હોય છે અને ભંડોળની ઉપલબ્ધતા આવશ્યકતા પર આધારિત છે. વધુ માહિતી માટે અથવા પ્રતિક્ષા સૂચિ માટે અરજી કરવા માટે, https://dda.health.maryland.gov/Pages/home.aspx પર અથવા 410-767-5600 પર ફોન દ્વારા DDA હેડક્વાર્ટર નો સંપર્ક કરો. DDA પ્રાદેશિક કચેરીઓ માટે સંપર્ક માહિતી શોધવા માટે, મુલાકાત લો https://dda.health.maryland.gov/Pages/Regional%20Offices.aspx.
- Low Intensity Support Services (LISS) (ઓછી તીવ્રતા સહયોગ સેવાઓ) કાર્યક્રમ મેરીલેન્ડ ડિપાર્ટમેન્ટ ઓફ હેલ્થ હેઠળ ડેવલપમેન્ટલ ડિસેબિલિટી એડમિનિસ્ટ્રેશન (DDA) દ્વારા સંચાલિત કરવામાં આવે છે અને અપંગ વ્યક્તિ અને તેના પરિવાર દ્વારા સેવાઓ સહાય માટે પાત્ર અરજદારોને $2,000 સુધીની સહાય આપે છે.  DDA નાણાકીય વર્ષ (જુલાઇ 1-31 અને જાન્યુઆરી 1-31) દરમિયાન બે રાઉન્ડમાં બે વાર LISS ભંડોળનું વિતરણ કરે છે. LISS ભંડોળ યાદચ્છિક પસંદગી અને પાત્રતા આવશ્યકતાઓને આધારે વહેંચવામાં આવે છે. LISS વિવિધ વ્યક્તિગત સપોર્ટ સેવાઓ અને કુટુંબ સહાયક સેવાઓ માટે ભંડોળ પૂરું પાડે છે, જેમાં વ્યક્તિગત અને પરિચર સંભાળ, રાહતની સંભાળ અને સમુદાયમાં સ્વતંત્રતા, ઉત્પાદકતા અને એકીકરણને મહત્તમ બનાવવા માટે અન્ય સેવાઓ શામેલ છે. અરજીઓ પર પ્રક્રિયા કરવા માટે રાજ્યભરમાં હાલમાં ચાર LISS એજન્સીઓ જવાબદાર છે. વધુ માહિતી માટે, મુલાકાત લો https://dda.health.maryland.gov/Pages/liss.aspx.

## *આવાસન સંસાધનો*

- **મેરીલેન્ડ** હાઉસિંગ સર્ચ ડેટાબેઝ: વાજબી આવાસન માટે મેરીલેન્ડ ડિપાર્ટમેન્ટ ઓફ હાઉસિંગ અને કમ્યુનિટિ ડેવલપમેન્ટના શોધ કરી શકાય તેવા ડેટાબેસેસ.http://www.mdhousingsearch.org/
- મેરીલેન્ડ એફોર્ડેબલ એપાર્ટમેન્ટ શોધ: ઓછી આવક ધરાવતા ભાડુઆતને સબસિડી આપવા માટે HUD પાસેથી ભંડોળ મેળવનારા એપાર્ટમેન્ટ્સના યુએસ હાઉસિંગ અને શહેરી વિકાસ વિભાગ દ્વારા ડેટાબેઝ જાળવવામાં આવે છે. http://www.hud.gov/apps/section8/step2.cfm?state=MD
- GoSection8.com: વિભાગ 8 વાઉચરો મેળવતા લોકો માટે હાઉસિંગનો ડેટાબેઝ ઉપલબ્ધ છે. http://www.gosection8.com/

## *રેન્ટ (ભાડા) સબસિડી કાર્યક્રમો*

- મેરીલેન્ડ એવા લોકોની મદદ માટે પ્રોગ્રામ ધરાવે છે કે જેમની પાસે તેમના સમુદાયમાં મકાન ભાડે રાખવા માટે ઓછી-આવકના વેતન છે. જો કે, પ્રતીક્ષા સૂચિઓ લાંબી છે, તેથી વહેલી તકે અરજી કરવી શ્રેષ્ઠ છે.

- મેરીલેન્ડ ડિપાર્ટમેન્ટ ઑફ ડિસેબલ્સ (MDOD), ઓછી આવક ધરાવતા અપંગ લોકો માટે બે પ્રોગ્રામ સંચાલિત કરવામાં મદદ કરે છે:
    - હેરી & જીનેટ વેનબર્ગ એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ અપોર્ચ્યુનિટીઝ ફોર પર્સન્સ વિથ ડિસેબીલીટીઝ ઇનિશિએટિવ
    - કલમ 811 અપંગ લોકો માટે પ્રોજેક્ટ રેન્ટલ આસિસ્ટન્સ

અપંગતા ધરાવતા અથવા વગરના લોકો પણ હાઉસિંગ ચોઇસ વાઉચર (વિભાગ 8) પ્રોગ્રામ દ્વારા જાહેર આવાસ અથવા ભાડા સહાય માટે અરજી કરી શકે છે. તમારા વિસ્તારમાં કઈ સહાયતા ઉપલબ્ધ છે તે શોધવા માટે તમારા કાઉન્ટીની પબ્લિક હાઉસિંગએજન્સીનો સંપર્ક કરો. નોંધ: ઈસ્ટર્ન શોર, ગેરેટ, એલેગની અને ફ્રેડરિક કાઉન્ટીના રહેવાસીઓ માટે, https://www.hud.gov/states/maryland/renting/hawebsites નો સંપર્ક કરો, જે તમારા વિસ્તારની જાહેર આવાસન એજન્સી તરીકે સેવા આપે છે.

# વાલીપણું અને વિકલ્પો

પ્રત્યેક વ્યક્તિ કે જેની ઉંમર 18 વર્ષ અને તેથી વધુ છે તેમને તેમના જીવનને લગતા નિર્ણય લેવાનો અધિકાર છે. જો કે, કેટલાક વ્યક્તિઓને તે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં સહાયની જરૂર પડી શકે છે. વાલીપણા અને ટકાઉ પાવર ઑફ એટર્ની, અપંગ વ્યક્તિની બાબતો યોગ્ય રીતે સંચાલિત થાય છે તેની ખાતરી કરવા માટે બે શક્ય વિકલ્પો પૂરા પાડે છે. બે વિકલ્પો વચ્ચે નોંધપાત્ર તફાવત છે. વધુ માહિતી માટે, કૃપા કરીને હેન્ડબુક, ગાર્ડિયનશીપ અને તેના વિકલ્પોનો સંદર્ભ લો. http://www.disabilityrightsmd.org/wp-content/uploads/2011/12/Guardianship-Handbook-2011.pdf

# નાણાકીય આયોજન/ખાસ જરૂરિયાતો ટ્રસ્ટ/એસ્ટેટ આયોજન

નાણાકીય આયોજન એ વિશ્વમાં પૈસા કેવી રીતે કાર્ય કરે છે તે સમજવાની ક્ષમતા છે: કોઈ વ્યક્તિ કમાવવાનું અથવા બનાવવાનું કેવી રીતે સંચાલન કરે છે, તે વ્યક્તિ તેનું સંચાલન કેવી રીતે કરે છે, તેઓ તેને કેવી રીતે વધુમાં રૂપાંતરિત કરી શકે છે અને તે વ્યક્તિ કેવી રીતે અન્ય લોકોની સહાય માટે તેનું દાન કરે છે. વધુ વિશેષરૂપે, તે કુશળતા અને જ્ઞાનના સમૂહને સંદર્ભિત કરે છે જે વ્યક્તિને તેની નાણાકીય બાબતો વિશે સૂચિત અને અસરકારક નિર્ણયો લેવાની મંજૂરી આપે છે. અપંગ વ્યક્તિઓ માટેની અનન્ય આવશ્યકતાઓથી પરિચિત નાણાકીય આયોજકની સલાહ લેવાનું સલાહભર્યું છે. પ્રિયજનો માટે નાણાકીય આયોજન એ કોઈપણ પરિવાર માટે મુશ્કેલ કાર્ય હોઈ શકે છે, ખાસ કરીને જેઓ અપંગ વ્યક્તિના સંબંધી હોય. અપંગ વ્યક્તિઓ પહેલાં કરતા વધુ લાંબુ અને પરિપૂર્ણ જીવન જીવે છે. આ કારણોસર, માતાપિતા અને/અથવા વાલીઓએ જ્યારે તેમની સંભાળ રાખવા માટે હવે સક્ષમ ન હોય ત્યારે તેમના માટે નાણાકીય આયોજન તૈયાર કરવું મહત્વપૂર્ણ છે. આવી ભાવિ સંભાળની વ્યવસ્થા કરવા માટે ઘણા લોકો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતું એક નાણાકીય સાધન છે ટ્રસ્ટ. ટ્રસ્ટ એ એક કાનૂની વ્યવસ્થા છે જ્યાં એક પક્ષ બીજા પક્ષના નાણાકીય લાભ માટે મિલકત ધરાવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, તેને એક પ્રકારના હોલ્ડિંગ એરિયા તરીકે વિચારી શકાય છે, જ્યાં કોઈ ગ્રાન્ટર, ટ્રસ્ટ બનાવનાર પક્ષ, નિયુક્ત લાભાર્થીઓને વહેંચતા પહેલા તેમની સંપત્તિ પોતે રાખશે. ટ્રસ્ટના ગ્રાન્ટર માતાપિતા, દાદા-દાદી કાનૂની વાલી અથવા કોર્ટ હોઈ શકે છે. તદુપરાંત, ઘણાં વિવિધ પ્રકારના

ટ્રસ્ટ હોય છે જેનો ઉપયોગ વિવિધ કૌટુંબિક સંજોગો માટે થઈ શકે છે.

Special Needs Trusts (SNTs) (વિશેષ જરૂરિયાત ટ્રસ્ટ) એ એક જટિલ પ્રકારનું ટ્રસ્ટ છે, જેનો ઉપયોગ ઘણા પરિવારો દ્વારા વિકલાંગ અને વિશેષ જરૂરિયાતો ધરાવતા વ્યક્તિના સંબંધીઓ માટે આર્થિક સ્થિરતા માટે કરવામાં આવે છે. આ ટ્રસ્ટ મુખ્યત્વે સરકારી સહાય માટે સંબંધિતની યોગ્યતા જાળવવાનું લક્ષ્ય રાખે છે, સાથે જ તેઓને ફક્ત સરકારી સહાયથી શક્ય જીવન કરતાં ઉચ્ચ જીવનધોરણ જાળવવાની મંજૂરી આપે આવે છે.

ફ્યુચર્સ પ્લાનિંગના ભાગ રૂપે, જે તમારા માટે, કુટુંબના સભ્ય અથવા મિત્ર માટે ઇચ્છિત ભાવિની કલ્પના કરવાને સંદર્ભિત કરે છે, અને ત્યારબાદ જરૂરી સેવાઓ અને સહાયતાના પ્રકારોને ઓળખવા માટે, એસ્ટેટ પ્લાનિંગ એ એક એવું પાસું છે જે તમે તમારા જીવનકાળ દરમિયાન અથવા તમારા મૃત્યુ સમયે અન્ય લોકોને પૈસા અથવા સંપત્તિ કેવી રીતે સ્થાનાંતરિત કરવા માંગો છો તેના આયોજનની પ્રક્રિયાને સંદર્ભિત કરે છે. આ પ્રક્રિયામાં તમારી યોજનામાં મદદ કરવા અને યોગ્ય દસ્તાવેજોને અમલમાં મૂકવા માટે વિચારશીલ તૈયારી અને સહાયક અને જાણકાર લોકો આવશ્યક છે.  એવી માર્ગદર્શિકાઓ છે જે કુટુંબના સભ્યો જ્યારે વિકલ્પોને ધ્યાનમાં લેતા હોય છે અને યોજનાકીય પ્રક્રિયા શરૂ કરે છે ત્યારે મૂલ્યવાન સંસાધનો તરીકે કાર્ય કરે છે.

ફ્યુચર્સ અને એસ્ટેટ પ્લાનિંગ ગાઇડ્સ અને હેન્ડબુકના ઉદાહરણો જોવા માટે નીચેની વેબસાઇટ્સની મુલાકાત લો:

- વિકાસલક્ષી વિકલાંગતા ધરાવતા બાળકો અને પુખ્ત વયના લોકો માટેની ફ્યુચર્સ અને એસ્ટેટ પ્લાનિંગ ગાઇડ
- ભવિષ્યનું આયોજન
- જ્યારે તમારું બાળક 18 વર્ષનું થાય છે: વિશેષ જરૂરિયાત સાથેના વાલીપણા માટેની માર્ગદર્શિકા
- એબલ એકાઉન્ટ્સ
- મેરીલેન્ડ ABLE કાર્યક્રમ
- ABLE નેશનલ રિસોર્સ સેન્ટર
- વિશેષ જરૂરિયાતોની સંભાળ માટે નાણાકીય આયોજન: સ્પેશિયલ નીડ્સ ટ્રસ્ટ (SNT)

# ઉપસંહાર

સંક્રમણ માટેની યોજના એ વિદ્યાર્થીના શાળાથી પુખ્તાવસ્થા સુધીના પ્રવાસનો એક અભિન્ન ભાગ છે. 12 વર્ષથી વધુ સમયથી સતત ચાલતા શાળાના વાતાવરણને છોડવું અને પુખ્તાવસ્થાની અજાણી દુનિયામાં પ્રવેશવું વિદ્યાર્થીઓ અને તેમના પરિવારો માટે અગવડભર્યું બની શકે છે. પુખ્ત દુનિયામાં સંક્રમણની કાળજીપૂર્વક યોજના કરવાથી વિદ્યાર્થી, શાળાના કર્મચારીઓ, પરિવાર અને સમુદાય સાથેના ટીમ વર્ક દ્વારા આ ડરને ઘટાડવામાં મદદ મળે છે.

જ્યારે તેઓ પુખ્ત વિશ્વમાં પ્રવેશ કરશે ત્યારે વિદ્યાર્થીઓનું જીવન કેવું દેખાશે તે વિચારવાનું પ્રારંભ કરવું ક્યારેય વહેલું ગણાતું નથી. આ માર્ગદર્શિકા એ એવા પરિવારો અને વ્યાવસાયિકો માટે સંસાધન તરીકે સેવા આપવા માટે છે જે વિદ્યાર્થીઓને હાઇસ્કૂલમાંથી કારકિર્દી, પોસ્ટસેકન્ડરી (માધ્યમિક પછીના) શિક્ષણ અને સમુદાય જીવનમાં સંક્રમણ કરતી વખતે સહાય કરે છે.  તે એક પ્રારંભિક બિંદુ અને આયોજન કરવાનું સાધન બનવું જોઈએ જેનો ઉપયોગ IEP ટીમ સાથે મળીને સરળ અને એકીકૃત સંક્રમણને સક્ષમ કરે તે માટે જરૂરી સપોર્ટ અને સેવાઓની યોજના બનાવવા અને સુરક્ષિત કરવા માટે કરવામાં આવશે.

# પરિશિષ્ટ A

## *સંક્રમણ સમયરેખા - 21 વર્ષની ઉંમરે સ્કૂલ સિસ્ટમમાંથી બહાર નીકળનારા અને DDA સેવાઓ માટે લાયક વિદ્યાર્થીઓ માટે*

| ઉંમર/સમયરેખા | 21 વર્ષની ઉંમરે સ્કૂલ સિસ્ટમમાંથી બહાર નીકળતા અને DDA સેવાઓ માટે પાત્ર હોય તેવા વિદ્યાર્થીઓ માટે સંક્રમણ સમયરેખા પ્રવૃત્તિઓ |
|---|---|
| **ઉંમર 14/15 (અથવા જો યોગ્ય હોય તો નાની ઉંમર)** | • ક્ષમતા, શક્તિ, અને પડકારો ઓળખવાનું શરૂ કરો.<br>• અપંગતા અને તે શીખવાની અને જીવનની અન્ય પ્રવૃત્તિઓને કેવી રીતે અસર કરે છે તે વિશે જાણો.https://www.youthhood.org/hangout/km_disability.asp<br>• સ્વ-હિમાયત કરવાનું શરૂ કરો. IEP બેઠકોમાં હાજરી આપો અને સહભાગી થાઓ. https://marylandlearninglinks.org/<br>• વાર્ષિક સંક્રમણ આકારણીઓ (એટલે કે કારકિર્દીની રુચિની સૂચિઓ, વિદ્યાર્થી ઇન્ટરવ્યૂ) માં ભાગ લેવાનું પ્રારંભ કરો. http://nsttac.org/content/age-appropriate-transition-assessment-toolkit-3rd-edition<br>• કારકિર્દીની રુચિઓ અને માધ્યમિક પછીના લક્ષ્યોને ઓળખવાનું પ્રારંભ કરો.<br>• શાળા જિલ્લામાં સંક્રમણ સપોર્ટ કેવી રીતે પૂરો પાડવામાં આવે છે તે જાણો. સંક્રમણ કર્મચારીઓને ઓળખો.<br>• વાર્ષિક IEP મીટિંગમાં પ્રારંભિક સંક્રમણ યોજના વિકસાવો. સંક્રમણ યોજના વિદ્યાર્થી જ્યારે 14 વર્ષનો થાય છે તે IEP વર્ષે વિકસિત કરવામાં આવે છે અને વાર્ષિક ધોરણે તેને અપડેટ કરવામાં આવે છે. http://www.mdtransitions.org/<br>• Developmental Disabilities Administration (DDA) (વિકાસલક્ષી અપંગતા સંચાલન) પર અરજી કરો. https://dda.health.maryland.gov/pages/Home.aspx<br>• જો હાઇસ્કૂલમાં નોંધાયેલ હોય, તો Division of Rehabilitation Services (DORS) (પુનર્વસન સેવાઓ વિભાગ) દ્વારા (પ્રી-એમ્પ્લોયમેંટ ટ્રાન્ઝિશન સર્વિસિસ - Pre-ETS (પૂર્વ-રોજગાર સંક્રમણ સેવાઓ) ની તપાસ કરો.<br>• જો વિદ્યાર્થી અને પરિવાર સેવાઓ માટે અરજી કરવામાં રસ ધરાવતા હોય તો DDA અથવા DORS સાથે શૈક્ષણિક માહિતી શેર કરવા માટે શાળાને લેખિત સંમતિ આપો.<br>• સમુદાય સંક્રમણ મેળાઓ અને કાર્યશાળાઓમાં ભાગ લેવાનું પ્રારંભ કરો.<br>• એક સંક્રમણ યોજના હોમ ફાઇલ બનાવો.<br>• તમારી શાળા દ્વારા આપવામાં આવતી સમુદાય-આધારિત સૂચના તકોનું અન્વેષણ કરો અને તેમાં ભાગ લો. |
| **ઉંમર 16/17** | • તમારા શાળા જિલ્લા દ્વારા આપવામાં આવતી રોજગાર તાલીમની તકોનું અન્વેષણ કરો અને તેમાં ભાગ લો.<br>• મોટર વ્હીકલ એડમિનિસ્ટ્રેશન તરફથી મેરીલેન્ડ રાજ્ય ઓળખ કાર્ડ પ્રાપ્ત કરો. |

| ઉંમર/સમયરેખા | 21 વર્ષની ઉંમરે સ્કૂલ સિસ્ટમમાંથી બહાર નીકળતા અને DDA સેવાઓ માટે પાત્ર હોય તેવા વિદ્યાર્થીઓ માટે સંક્રમણ સમયરેખા પ્રવૃત્તિઓ |
|---|---|
| | http://www.mva.maryland.gov/Driver-Services/apply/id-card.htm<br>• યાત્રા તાલીમને ધ્યાનમાં લો. તમારા સમુદાયમાં મુસાફરી કરવા માટે જાહેર પરિવહનનો ઉપયોગ કરો. https://www.mobilityequity.org/travel-training<br>• મોબિલિટી (ગતિશીલતા)/પેરાટ્રાન્સિટ સેવાઓ માટે મોબિલિટી એપ્લિકેશન ફોર્મ સબમિટ કરો. http://mta.maryland.gov/mobility<br>• ડ્રાઇવર લાઇસન્સ મેળવવા પર વિચાર કરો.<br>http://www.mva.maryland.gov/drivers/apply/apply.htm<br>http://dors.maryland.gov/consumers/WTC/Documents/Driving.pdf<br>• સામાજિક નેટવર્ક બનાવો. મનોરંજન અને સામાજિક કાર્યક્રમો માટે મિત્રો સાથે જોડાણો બનાવો જે હાઇસ્કૂલમાંથી બહાર નીકળ્યા પછી પણ ચાલુ રહી શકે. |
| **ઉંમર 17/18** | • એક સપોર્ટ નેટવર્ક બનાવો. મદદ માટે જઈ શકાય તેવા લોકો માટે લોકોની એક સૂચિ વિકસાવો.<br>• હેલ્થકેર જોડાણો બનાવો. બાળરોગથી વયસ્ક આરોગ્ય સંભાળ પ્રણાલીમાં પરિવર્તિત થવાની યોજના વિકસાવો.<br>• ભાવિ જરૂરિયાતોના આયોજન વિશે કોઈ એટર્નીની સલાહ લો.<br>• પાવર ઓફ એટર્ની અથવા વાલીપણાની આવશ્યકતા વિશે તપાસ કરો. સૂચવેલ હેન્ડબુક: ગાર્ડિયનશીપ અને તેના વિકલ્પો. https://aging.maryland.gov/Pages/default.aspx<br>• પાત્રતા સ્થિતિ અને અગ્રતા શ્રેણીની ચકાસણી કરવા માટે DDA પ્રાદેશિક ઓફિસનો સંપર્ક કરો.<br>• DDA પ્રાદેશિક કચેરીઓ માટેની સંપર્ક માહિતી અહીં મળી શકે છે:<br>https://dda.health.maryland.gov/Pages/coordination%20of%20community%20services.aspx<br>• Coordination of Community Services Provider (સમુદાય સેવાઓ પ્રદાતાના સંકલન) નું અન્વેષણ કરો અને પસંદ કરો. તમારા પ્રદેશમાં વર્તમાન સમુદાય સેવાઓ પ્રદાતાઓના સંકલનને શોધવા માટે અહીં મુલાકાત લો:<br>https://dda.health.maryland.gov/Pages/coordination%20of%20community%20services.aspx<br>• સ્કૂલ સિસ્ટમમાંથી બહાર નીકળ્યા પછી સહાયક તકનીક (જો યોગ્ય હોય તો) વિકલ્પોનું અન્વેષણ કરો |
| **ઉંમર 18** | • તમારા શાળા જિલ્લા દ્વારા આપવામાં આવતી સહાયિત રોજગાર અને કાર્ય-આધારિત શિક્ષણ તકોનું અન્વેષણ કરો.<br>• સમુદાય સંક્રમણ મેળાઓ અને કાર્યશાળાઓમાં હાજરી આપો. Supplemental Security Income (SSI) (પૂરક સુરક્ષા આવક) માટે અરજી કરો. http://ssa.gov |

© મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ, પ્રારંભિક હસ્તક્ષેપ અને વિશેષ શિક્ષણ સેવાઓનો વિભાગ

| ઉંમર/સમયરેખા | 21 વર્ષની ઉંમરે સ્કૂલ સિસ્ટમમાંથી બહાર નીકળતા અને DDA સેવાઓ માટે પાત્ર હોય તેવા વિદ્યાર્થીઓ માટે સંક્રમણ સમયરેખા પ્રવૃત્તિઓ |
|---|---|
| | • તબીબી સહાય માટે અરજી કરો. https://mmcp.health.maryland.gov/Pages/Am%20I%20Eligible.aspx<br>• પરામર્શ અને આયોજનના ફાયદાઓને ધ્યાનમાં લો. mdtransitions.org/benefits-counselors/, mdbenefitscounseling.org/<br>• નાણાકીય અને ભાવિ આયોજન શરૂ કરો.<br>• જો હજી સુધી પૂર્ણ કર્યું ન હોય, તો એક Coordination of Community Service (CCS) (કોર્ડીનેશન ઓફ કમ્યુનિટિ સર્વિસ (CCS) પ્રદાતા પસંદ કરો.<br>• ભવિષ્ય માટે કોઈ યોજના વિકસાવવા માટે તમારા કોઓર્ડિનેટર ઓફ કમ્યુનિટિ સર્વિસ (CCS) સાથે મળો.<br>• પસંદગીકૃત સેવા માટે નોંધણી કરો (જો પુરુષ હોય તો). http://www.sss.gov<br>• મતદાન માટે નોંધણી કરો.<br>• રહેવા માટેની વ્યવસ્થાના વિકલ્પોનું અન્વેષણ કરો. (સ્વતંત્ર, રૂમમેટ, જૂથ આવાસન વગેરે)<br>• તમારા સમુદાયમાં સબસિડીવાળા આવાસોનું અન્વેષણ કરો. https://www.hud.gov/states/maryland/renting/hawebsites |
| ઉંમર 19-20 (બહાર નીકળ્યા પહેલાનું વર્ષ) | • યોગ્યતાની સ્થિતિ માટે Developmental Disabilities Administration (DDA) (વિકાસલક્ષી અપંગતા સંચાલન) નો સંપર્ક કરો જો હજી નિર્ધારિત થયેલ નથી.<br>• બહાર નીકળવાના વર્ષ પહેલાના ફોલ પર Division of Rehabilitation Services (DORS) (પુનર્વસન સેવાઓ વિભાગ) ને અરજી કરો. https://dors.maryland.gov/Pages/default.aspx<br>• Division of Rehabilitation Services (DORS) (પુનર્વસન સેવાઓ વિભાગ) દ્વારા કારકિર્દી મૂલ્યાંકન કરવાનું ધ્યાનમાં લો.<br>• સમુદાય પુખ્ત સેવા પ્રદાતાઓની મુલાકાત લેવાનું પ્રારંભ કરો. https://dda.health.maryland.gov/Pages/Self-Determination.aspx<br>• જો સ્વ-નિર્દેશન સેવાઓ વિશે શીખવામાં રસ હોય તો સ્વ-નિર્દેશિત સેવાઓની મુલાકાત લો. https://dda.health.maryland.gov/Pages/sdforms.aspx<br>• જો સ્વ-નિર્દેશિત સેવાઓ પસંદ કરતા હો, તો એક સપોર્ટ બ્રોકર અને નાણાકીય મેનેજમેન્ટ સેવા પસંદ કરો.<br>• માધ્યમિક પછીના શિક્ષણ અને તાલીમ વિકલ્પોનું અન્વેષણ કરો.<br>• જો જરૂરી હોય તો પુખ્ત વયની માનસિક આરોગ્ય સંભાળનું અન્વેષણ કરો. |
| ઉંમર 20-21 (અંતિમ વર્ષના | • તમારી જરૂરિયાતોને શ્રેષ્ઠ અનુરૂપ હોય તેવા કેટલાક પ્રદાતાઓને અરજી કરો.<br>• એક પુખ્ત પ્રદાતાની પસંદગીને અંતિમ રૂપ આપો.<br>• IEP મિટિંગમાંથી બહાર નીકળવા પુખ્ત પ્રદાતાને આમંત્રિત કરો. |

© મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ, પ્રારંભિક હસ્તક્ષેપ અને વિશેષ શિક્ષણ સેવાઓનો વિભાગ

| ઉંમર/સમયરેખા | 21 વર્ષની ઉંમરે સ્કૂલ સિસ્ટમમાંથી બહાર નીકળતા અને DDA સેવાઓ માટે પાત્ર હોય તેવા વિદ્યાર્થીઓ માટે સંક્રમણ સમયરેખા પ્રવૃત્તિઓ |
|---|---|
| **ઓક્ટોબર/નવેમ્બર)** | • Developmental Disabilities Administration (DDA) (વિકાસલક્ષી અપંગતા સંચાલન) ને સબમિટ કરવાની સેવા ભંડોળ યોજના વિકસાવવા માટે તમારા સંસાધન સેવાઓ અને પુખ્ત પ્રદાતાના સંયોજક સાથે કાર્ય કરો.<br>• જો સ્વ-નિર્દેશિત સેવાઓ પસંદ કરી રહ્યા હો, તો તમારા સપોર્ટ બ્રોકર સાથે સ્વ-નિર્દેશિત યોજના લખવાનું પ્રારંભ કરો.<br>• Developmental Disabilities Administration (DDA) (વિકાસલક્ષી અપંગતા સંચાલન) તરફથી મળતું ભંડોળ તુરંત ઉપલબ્ધ ન હોય તે સ્થિતિમાં આકસ્મિક યોજના વિકસિત કરો.<br>• પરિવહન વિકલ્પોનું અન્વેષણ કરો (દા.ત., કાર્યસ્થળ પર અને સમુદાયની આસપાસ કેવી રીતે જવું વગેરે.) |
| **ઉંમર 20/21 (અંતિમ વર્ષની સ્પ્રિંગ (વસંત))** | • પુખ્ત સેવા વિતરણ પ્રણાલીમાં સ્કૂલ સિસ્ટમમાંથી અખંડિત સંક્રમણ કરવા માટે શાળા સંક્રમણ કર્મચારીઓ, પુખ્ત પ્રદાતા અને સમુદાય સંસાધનોના સંયોજક સાથે કાર્ય કરો. |

## *સંક્રમણ સમયરેખા - 18 વર્ષની ઉંમરે સ્નાતક થનારા વિદ્યાર્થીઓ માટે*

| ઉંમર/સમયરેખા | 18 વર્ષની ઉંમરે સ્નાતક થનારા વિદ્યાર્થીઓ માટે સંક્રમણ સમયરેખા પ્રવૃત્તિઓ |
|---|---|
| **ઉંમર 13/14 (મધ્યમ શાળાનું છેલ્લું વર્ષ)** | • ક્ષમતા, શક્તિ, અને પડકારો ઓળખવાનું શરૂ કરો.<br>• અપંગતા અને તે શીખવાની અને જીવનની અન્ય પ્રવૃત્તિઓને કેવી રીતે અસર કરે છે તે વિશે જાણો.https://www.youthhood.org/hangout/km_disability.asp<br>• સ્વ-હિમાયત કુશળતાનો અભ્યાસ કરો. IEP મિટિંગોમાં હાજરી આપો અને સહભાગી બનો. www.marylandlearninglinks.org<br>• વાર્ષિક સંક્રમણ આકારણીઓ (એટલે કે કારકિર્દીની રુચિની સૂચિ, વિદ્યાર્થી ઇન્ટરવ્યૂ) માં ભાગ લેવાનું પ્રારંભ કરો. https://transitionta.org/toolkitassessment<br>• કારકિર્દીની રુચિઓ અને માધ્યમિક પછીના લક્ષ્યોને ઓળખવાનું પ્રારંભ કરો.<br>• શાળા જિલ્લામાં સંક્રમણ સપોર્ટ કેવી રીતે પૂરો પાડવામાં આવે છે તે જાણો. સંક્રમણ કર્મચારીઓને ઓળખો.<br>• વાર્ષિક IEP મીટિંગમાં પ્રારંભિક સંક્રમણ યોજના વિકસાવો. સંક્રમણ યોજના વિદ્યાર્થી જ્યારે 14 વર્ષનો થાય છે તે IEP વર્ષે વિકસિત કરવામાં આવે છે અને વાર્ષિક ધોરણે તેને અપડેટ કરવામાં આવે છે. http://www.mdtransitions.org/<br>• ડિપ્લોમા મેળવવાની એક 5 વર્ષની યોજનાનો વિચાર કરો.<br>• Developmental Disabilities Administration (DDA) (વિકાસલક્ષી અપંગતા સંચાલન) પર અરજી કરો, જો યોગ્ય હોય. https://dda.health.maryland.gov/pages/Home.aspx<br>• જો હાઇસ્કૂલમાં નોંધાયેલ હોય, તો Division of Rehabilitation Services (DORS) (પુનર્વસન સેવાઓ વિભાગ) વિભાગ દ્વારા પૂર્વ-રોજગાર સંક્રમણ સેવાઓ (પ્રી-એમ્પ્લોયમેંટ ટ્રાન્ઝિશન સર્વિસિસ - Pre-ETS) ની તપાસ કરો. |

© મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ, પ્રારંભિક હસ્તક્ષેપ અને વિશેષ શિક્ષણ સેવાઓનો વિભાગ

| ઉંમર/સમયરેખા | 18 વર્ષની ઉંમરે સ્નાતક થનારા વિદ્યાર્થીઓ માટે સંક્રમણ સમયરેખા પ્રવૃત્તિઓ |
|---|---|
| | • DDA અને DORS સાથે શૈક્ષણિક માહિતી શેર કરવા માટે શાળાને મંજૂરી આપો.<br>• એક સંક્રમણ યોજના હોમ ફાઇલ બનાવો. |
| **ફ્રેશમેન વર્ષ (ગ્રેડ 9)** | • અભ્યાસનો એક હાઈસ્કૂલ અભ્યાસક્રમ (સંપૂર્ણ કાર્યક્રમ) પસંદ કરવા માર્ગદર્શન સલાહકાર સાથે મળો. http://marylandpublicschools.org/programs/Documents/CTE/CTE%20Programs%20of%20Study/CTEBlueBook2017.pdf<br>• જરૂરી વર્ગખંડ આવાસન સગવડથી પરિચિત બનો.<br>• સોશિયલ અને સપોર્ટ નેટવર્ક બનાવો.<br>• માર્ગદર્શન સલાહકાર સાથે ગ્રેજ્યુએશન આવશ્યકતાઓની સમીક્ષા કરો. |
| **સોફોમોર (દ્વિતિય) વર્ષ (ગ્રેડ 10)** | • સંશોધન કારકિર્દી રુચિઓ. વ્યવસાયોની મુલાકાત લો. જોબ શેડોઇંગની વ્યવસ્થા કરો.<br>• મોટર વ્હીકલ એડમિનિસ્ટ્રેશન તરફથી મેરીલેન્ડ રાજ્ય ઓળખ કાર્ડ પ્રાપ્ત કરો. http://www.mva.maryland.gov/drivers/apply/id-card.htm<br>• કોલેજ બોર્ડ એકોમોડેશન માટે અરજી કરવા માટે શાળાની ટીમ સાથે મળો. https://www.collegeboard.org/students-with-disabilities/request-accommodations<br>• PSAT લો.<br>• માર્ગદર્શન સલાહકાર સાથે ગ્રેજ્યુએશન આવશ્યકતાઓની સમીક્ષા કરો.<br>• પરિવહન વિકલ્પોનું અન્વેષણ કરો. યાત્રા તાલીમને ધ્યાનમાં લો. તમારા સમુદાયમાં મુસાફરી કરવા માટે જાહેર પરિવહનનો ઉપયોગ કરો.<br>• મોબિલિટી (ગતિશીલતા)/પેરાટ્રાન્સિટ સેવાઓ માટે મોબિલિટી એપ્લિકેશન ફોર્મ સબમિટ કરો. http://mta.maryland.gov/mobility<br>• ડ્રાઇવર લાઇસન્સ પ્રાપ્ત કરવાનું ધ્યાનમાં લો. http://www.mva.maryland.gov/drivers/apply/apply.htm http://dors.maryland.gov/consumers/WTC/Documents/Driving.pdf |
| **જુનિયર વર્ષ (ગ્રેડ 11)** | • વ્યવસાયિક પુનર્વસન સેવાઓ માટેના બહાર નીકળવાના વર્ષ અગાઉના ફોલ (પાનખર) પર Division of Rehabilitation Services (DORS) (પુનર્વસન સેવાઓ વિભાગ) ને અરજી કરો. http://dors.maryland.gov/Pages/default.aspx<br>• પુનર્વસન સેવાઓ વિભાગ દ્વારા એક કારકિર્દી મૂલ્યાંકનને ધ્યાનમાં લો.<br>• કોલેજ બોર્ડ એકોમોડેશન માટે અરજી કરવા માટે શાળાની ટીમ સાથે મળો. https://www.collegeboard.org/students-with-disabilities/request-accommodations<br>• PSAT લો.<br>• ડ્રાઇવર લાઇસન્સ પ્રાપ્ત કરવાનું ધ્યાનમાં લો. http://www.mva.maryland.gov/drivers/apply/apply.htm http://dors.maryland.gov/consumers/WTC/Documents/Driving.pdf<br>• પાર્ટ-ટાઇમ/સમર એમ્પ્લોયમેંટ ધ્યાનમાં લો.<br>• કોલેજો, વેપાર શાળાઓ, તાલીમ કાર્યક્રમો, લશ્કરી અને રોજગારની તકોનું સંશોધન કરો. માર્ગદર્શન સલાહકાર અને/અથવા સંક્રમણ કર્મચારીઓ સાથે ચર્ચા કરો.<br>• માધ્યમિક-પછીના ધ્યેયોને રિફાઇન કરો.<br>• કોલેજો, ટ્રેડ સ્કૂલ્સ અને/અથવા માધ્યમિક પછીના તાલીમ કાર્યક્રમોની મુલાકાત લો. જો લશ્કરી વિકલ્પોનું અન્વેષણ કરી રહ્યાં છો, તો લશ્કરી ભરતી કરનારને મળો અને ASVAB લો. military.com/join-armed-forces/asvab |

| ઉંમર/સમયરેખા | 18 વર્ષની ઉંમરે સ્નાતક થનારા વિદ્યાર્થીઓ માટે સંક્રમણ સમયરેખા પ્રવૃત્તિઓ |
|---|---|
| | • જો સ્નાતક થયા પછી રોજગારમાં પ્રવેશ કરી રહ્યાં હો, તો નોકરીની તકોનું સંશોધન કરો. પરિવાર અને મિત્રો સાથે નેટવર્ક બનાવો જેથી તેમની કંપનીઓમાં નોકરીની તકો જાણી શકાય.<br>• કોમ્યુનિટી કોલેજ અને 4-વર્ષના યુનિવર્સિટી પ્રોગ્રામ્સ વચ્ચેના તફાવતનું અન્વેષણ કરો.<br>• પોસ્ટ-સેકન્ડરી પ્રોગ્રામ્સ માટે પાર્ટ-ટાઇમ સામે પૂર્ણ-સમયની નોંધણી વિકલ્પોને ધ્યાનમાં લો.<br>• માધ્યમિક પછીનાં કાર્યક્રમો માટે ફેડરલ અને રાજ્ય નાણાકીય સહાય અને શિષ્યવૃત્તિનું સંશોધન કરવાનું પ્રારંભ કરો.<br>• હાઇસ્કૂલથી કોલેજ સંક્રમણ કાર્યક્રમોનું અન્વેષણ કરો/સહભાગી બનો.<br>• માર્ગદર્શન સલાહકાર સાથે ગ્રેજ્યુએશન આવશ્યકતાઓની સમીક્ષા કરો. |
| **સિનિયર વર્ષ (ગ્રેડ 12)** | • SAT અને/અથવા ACT લેવાની તૈયારી કરો http://sat.collegeboard.org/home?affiliateId=nav&bannerId=g-cbh-sat http://www.actstudent.org/ https://www.collegeboard.org/students-with-disabilities/request-accommodations<br>• જો કમ્યુનિટિ કોલેજમાં નોંધણી કરાવી રહ્યા હોય, તો એક્યુપ્લેસર લેવાની તૈયારી કરો. જો રેમીડિયલ ("કોલેજ માટે તૈયાર" નહીં) વિદ્યાર્થી તરીકે વર્ગીકૃત કરવામાં આવે, તો કોલેજની પૂર્વ સૂચના માટે શૈક્ષણિક સેવાઓને એક્સેસ કરો. http://accuplacer.collegeboard.org/students<br>• કોલેજો અથવા માધ્યમિક પછીનાં કાર્યક્રમોને અરજી કરો અથવા લશ્કરીમાં પ્રવેશ કરો.<br>• જો માધ્યમિક પછીની શાળાઓ માટે અરજી કરતા હો, તો ડિસેબીલીટી સપોર્ટ સેન્ટરનો સંપર્ક કરો.<br>• જો રોજગારમાં પ્રવેશ કરતાં હો, તો અરજીઓ સબમિટ કરવાનું પ્રારંભ કરો.<br>• શિષ્યવૃત્તિ અને ગ્રાન્ટ (અનુદાન) માટે અરજી કરો.<br>• માધ્યમિક પછીના કાર્યક્રમો અથવા રોજગારની તકો માટેના ભંડોળની ચર્ચા કરવા માટે DORS સલાહકાર સાથે મળો.<br>• જો લાયક હોય તો 18 વર્ષની ઉંમરે Supplemental Security Income (SSI) માટે અરજી કરો. http://ssa.gov<br>• SSI અને SSDI મેળવનાર વ્યક્તિઓ કમ્યુનિટિ કોલેજ ટ્યુશન માફી માટે અરજી કરવા પાત્ર છે. https://mhec.maryland.gov/preparing/Pages/FinancialAid/ProgramDescriptions/prog_disabilities.aspx<br>• 1 લી જાન્યુઆરીથી 1 લી માર્ચ દરમિયાન ફેડરલ અને રાજ્ય નાણાકીય સહાય માટે અરજી કરો. https://fafsa.ed.gov/<br>• જો જરૂરી હોય તો પુખ્ત વયની માનસિક આરોગ્ય સંભાળનું અન્વેષણ કરો.<br>• શાળા પ્રણાલીમાંથી બહાર નીકળ્યા પછી સહાયક તકનીકી વિકલ્પોનું (જો યોગ્ય હોય તો) અન્વેષણ કરો.<br>• જો પાત્ર હોય તો તબીબી સહાય માટે અરજી કરો. https://mmcp.health.maryland.gov/Pages/Am%20I%20Eligible.aspx<br>• 18 વર્ષની ઉંમરે પસંદગીકૃત સેવા માટે નોંધણી કરો (જો પુરુષ હોય તો). http://www.sss.gov<br>• 18 વર્ષની ઉંમરે મતદાન કરવા માટે નોંધણી કરો .<br>• બાળરોગ આરોગ્યસંભાળને પુખ્ત વય આરોગ્ય સંભાળ પ્રણાલીમાં બદલો.<br>• કોલેજમાં પ્રવેશ સ્વીકાર્યા પછી, અપંગતા સહાયક સેવાઓનો વપરાશ કરો. |

**પરિશિષ્ટ B**

## *પોસ્ટસેકન્ડરી એજ્યુકેશન એકોમોડેશનના વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQ)*

વિકલાંગ વ્યક્તિ અધિનિયમ 2004 (IDEA) માટે એ આવશ્યક છે કે વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થી પાસે IEP હોય. જો કે, IDEA કોલેજો, ટ્રેડ સ્કૂલ્સ અથવા યુનિવર્સિટીઓમાં લાગુ પડતો નથી. આ શાળાઓ વિકલાંગતા ધરાવતા અમેરિકન એક્ટ (ADA) અને વ્યવસાયિક પુનર્વસન અધિનિયમની કલમ 504 સહિતના અન્ય ફેડરલ કાયદાઓના સમૂહ દ્વારા સંચાલિત થાય છે.

- **માધ્યમિક-પછીની શાળાઓ પર આવાસન એક્સેસ કરવું**

**શું હું વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ (IEP) ધરાવવાનું ચાલુ રાખીશ?**

ના. કોલેજ સેટિંગ્સમાં કોઈ IEP હોતા નથી. કોલેજો, ટ્રેડ સ્કૂલ અને યુનિવર્સિટીઓની જવાબદારીઓ હાઈસ્કૂલ્સ કરતા નોંધપાત્ર રીતે અલગ છે. બીજો નોંધપાત્ર તફાવત એ છે કે માધ્યમિક-પછીની શાળાઓ ફક્ત યુવાન વયસ્ક સાથે જ કાર્ય કરશે, માતાપિતા સાથે નહીં. યુવાન પુખ્તને કોલેજના વિદ્યાર્થી તરીકે ઘણી મોટી જવાબદારીઓ હશે. આ કાયદાઓ સેવાઓ માટે વિનંતી કરવાની અને અપંગતાના યોગ્ય દસ્તાવેજીકરણ પ્રદાન કરવા માટે તે યુવાન વયસ્કને જવાબદાર બનાવે છે. યુવાન પુખ્ત વયે આ પ્રક્રિયા શરૂ કરવી જોઈએ અને યોગ્ય આવાસનની વિનંતી કરવામાં સક્રિયપણે શામેલ હોવા જોઈએ.

**શું મને હાઈસ્કૂલમાં મળતી હતી તે સમાન આવાસન સુવિધા મળશે?**

જરૂરી નથી. IEP માધ્યમિક-પછીની શાળા સુધી આગળ વધતો નથી. માહિતી એકત્રિત થયા પછી અને દસ્તાવેજીકરણની સમીક્ષા કરવામાં આવ્યા પછી, માધ્યમિક-પછીની સ્કૂલ નક્કી કરશે કે વિદ્યાર્થીને કઈ સગવડ મળશે.

- **માધ્યમિક-પછીની શાળા વખતે વિકલાંગતા સેવાઓને એક્સેસ કરવી**

**સેવાઓ માટે મારે ક્યાં જવું?**

દરેક માધ્યમિક-પછીની સ્કૂલમાં એવા વ્યક્તિઓ હોય છે જે અપંગ વિદ્યાર્થીઓને સહાય કરે છે. આ વ્યક્તિઓ Disability Support Services Office (DSS) (અપંગતા સેવા કચેરી) માં હોય છે. શૈક્ષણિક સવલતો અને/અથવા અન્ય સેવાઓ પ્રાપ્ત કરવા માટે, યુવાન પુખ્ત વયે પ્રથમ DSS ઓફિસમાં સ્વ-ઓળખ કરવી આવશ્યક છે. યુવા વયસ્કની જવાબદારી છે કે તે માધ્યમિક-પછીની શાળા સાથે જરૂરી સપોર્ટ વિશે વાત કરે.

**મારે સેવાઓની વિનંતી ક્યારે કરવી જોઈએ?**

તેમ છતાં, યુવા વયસ્ક કોઈપણ સમયે માધ્યમિક-પછીની શાળાઓમાંથી આવાસનની વિનંતી કરી શકે છે, પરંતુ તે આગ્રહણીય છે કે તે/તેણી શક્ય તેટલી જલદીથી અને સેમેસ્ટર શરૂ થયાના એક મહિના પહેલાં નહીં તેમ DSS ઓફિસ સાથે એપોઇન્ટમેન્ટ લે. સેવાઓ અને આવાસન વ્યવસ્થા ગોઠવવામાં સમય લાગે છે. કેટલીક શૈક્ષણિક

ગોઠવણો પ્રદાન કરવામાં બીજા કરતા વધુ સમય લઈ શકે છે. આવાસન ક્યારેય પૂર્વવર્તી રીતે કરવામાં આવતું નથી. શૈક્ષણિક મુશ્કેલીઓ ઉભી થાય ત્યાં સુધી ક્યારેય રાહ જોશો નહીં.

**મારે કયા દસ્તાવેજો પૂરા પાડવાની જરૂર છે?**

શાળાઓ દસ્તાવેજો માટે વાજબી ધોરણો નક્કી કરે છે. કેટલીક સ્કૂલોમાં અન્ય કરતા વધુ દસ્તાવેજોની જરૂર હોઈ શકે છે, પરંતુ તમામ શાળાઓને યુવા પુખ્તને યોગ્ય લાયક વ્યાવસાયિક દ્વારા તૈયાર કરેલ દસ્તાવેજો પૂરા પાડવાની જરૂર રહેશે. યુવાન પુખ્ત વ્યક્તિ જરૂરી દસ્તાવેજો મેળવવા સાથે સંકળાયેલ **કોઈપણ ફી માટે જવાબદાર રહેશે**. દસ્તાવેજીકરણના આવશ્યક ઘટકોમાં શામેલ છે:

- વિકલાંગતાને ઓળખવા માટેનું ડાયગ્નોસ્ટિક (નૈદાનિક) નિવેદન.
- ઉપયોગમાં લેવામાં આવતી ડાયગ્નોસ્ટિક પદ્ધતિનું વર્ણન, તેઓ શૈક્ષણિક અને રહેણાંક બંને સેટિંગ્સને સંબંધિત હોવાથી હાલની કાર્યાત્મક મર્યાદાઓ, અપંગતાની સ્થિરતાની અપેક્ષિત પ્રગતિ, અને વર્તમાન અને ભૂતકાળની આવાસન સગવડો, સેવાઓ અને/અથવા દવાઓ.
- આવાસન, અનુકૂલનશીલ ઉપકરણો, સહાયક સેવાઓ, ક્ષતિપૂરક વ્યૂહરચનાઓ અને/અથવા કોલેટરલ સપોર્ટ સેવાઓ માટેની ભલામણો.

❖ **માધ્યમિક-પછીની શાળાઓ પર આવાસન પ્રાપ્ત કરવું**

**શું આવાસન સવલતો પૂરી પાડવામાં આવે છે?**

સગવડ એ શૈક્ષણિક આવશ્યકતાઓમાં ફેરફાર છે જે વિકલાંગ યુવા પુખ્ત વયના લોકો માટે સમાન પ્રવેશની ખાતરી કરવા માટે જરૂરી છે. વાજબી સવલતોમાં નિમ્નલિખિતનો સમાવેશ થઈ શકે છે:

- કસોટીઓ પર વિસ્તૃત સમય
- વૈકલ્પિક ફોર્મેટમાં પુસ્તકો
- સાંકેતિક ભાષામાં દુભાષિયા
- સ્ક્રીન વાચકો
- અવાજ ઓળખ
- અન્ય સહાયક ટેક્નોલોજી

DSS ઓફિસ, વાજબી સવલતો સ્થાપવા માટે યુવા વયસ્ક સાથે કાર્ય કરશે. જો આવાસન કોર્સવર્ક (અભ્યાસક્રમ) માં મૂળભૂત બદલાવ લાવે તો તે પ્રદાન કરવામાં આવી શકે નહીં. આવશ્યક કોર્સવર્કને માફ કરવાની પરવાનગી નથી. વિકલાંગ વિદ્યાર્થીઓને સ્નાતક થવા માટે અભ્યાસના કાર્યક્રમની આવશ્યકતાઓને પૂર્ણ કરવી જરૂરી છે.

© મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ, પ્રારંભિક હસ્તક્ષેપ અને વિશેષ શિક્ષણ સેવાઓનો વિભાગ

# પરિશિષ્ટ C

## *ચોક્કસ વસતી*

સંક્રમણને લગતા અન્ય સહયોગ અને સેવાઓ છે જે વિકલાંગોની ચોક્કસ વસ્તીને તેઓ રોજગાર, માધ્યમિક-પછીના શિક્ષણ અને સમુદાયની પ્રવૃત્તિઓમાં પ્રવેશ કરે ત્યારે જરૂર પડી શકે છે. તેમાંના થોડા નીચે વર્ણવવામાં આવ્યા છે. ચોક્કસ વસ્તી વિશેની માહિતી માટે (દા.ત. ઓટિઝમ, બહેરા/શ્રવણ-શક્તિની તકલીફવાળા, અંધ/ઓછી દ્રષ્ટિ) મેરીલેન્ડ ટ્રાન્ઝિશન વેબસાઇટની મુલાકાત લો: https://mdtransitions.org/ કુટુંબ-વિશિષ્ટ સપોર્ટ વિશેની માહિતી માટે, https://www.ppmd.org/ માટે પેરેંટસ પ્લેસ ઓફ મેરીલેન્ડ વેબસાઇટ અથવા તમારી સ્થાનિક શાળા પ્રણાલીમાં પેરેંટલ રિસોર્સ સેન્ટરની મુલાકાત લો.

### ઓટીઝમ

ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર (ASD) એ વર્તનના ચોક્કસ સમૂહ દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવે છે અને તે એક "સ્પેક્ટ્રમ સ્થિતિ" છે જે વ્યક્તિઓને જુદા જુદા અને વિવિધ પ્રમાણમાં અસર કરે છે. આ લાક્ષણિકતાઓ સામાન્ય રીતે ત્રણ વર્ષની ઉંમરે સ્પષ્ટ થાય છે અને શૈક્ષણિક પ્રભાવને પ્રતિકૂળ અસર કરે છે. વિકૃતિ ધરાવતા બાળકો ખૂબ ઊંચા-કાર્યાત્મક (ઓટિઝમ ન ધરાવતા બાળકોથી લગભગ ભેદ ન કરી શકાય તેવા) થી લઈને ઊંડાણપૂર્વક ક્ષતિગ્રસ્ત હોય છે. ઓટીઝમ સાથે સંકળાયેલ કેટલીક વર્તણૂકોમાં ભાષાના શીખવાના વિલંબ; આંખનો સંપર્ક કરવામાં અથવા વાતચીત ચાલુ કરવામાં મુશ્કેલી; કાર્યકારી કામગીરીમાં મુશ્કેલી, જે તર્ક અને આયોજન સાથે સંબંધિત છે; સંકુચિત, તીવ્ર હિતો; નબળી ગતિશીલ કુશળતાઓ અને સંવેદનાત્મક સંવેદનશીલતાનો સમાવેશ થાય છે. ફરીથી, સ્પેક્ટ્રમ પરની વ્યક્તિ આમાંના ઘણાં વર્તનો અથવા ફક્ત થોડા જ અથવા તે ઉપરાંત અન્ય ઘણાને અનુસરી શકે છે. ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડરનું નિદાન તમામ વર્તણૂકોના વિશ્લેષણ અને તેમની તીવ્રતાના આધારે લાગુ કરવામાં આવે છે.

વધુ માહિતી માટે અને ઉપલબ્ધ સંસાધનો વિશે જાણવા માટે મુલાકાત લો: http://www.pathfindersforautism.org/ અથવા https://www.autismspeaks.org/.

### બહેરા/શ્રવણ-શક્તિની તકલીફ

- બહેરા: વિકલાંગતા ધરાવતા વ્યક્તિ માટે શિક્ષણ અધિનિયમ (IDEA) માંથી બહેરાપણાની સત્તાવાર વ્યાખ્યા "સાંભળવાની એવી ક્ષતિ જે એટલી ગંભીર છે કે બાળક સાંભળવા દ્વારા, એમ્પ્લીફિકેશન (પ્રવર્ધન) સાથે અથવા વગર, ભાષાકીય માહિતીની પ્રક્રિયા કરવા માટે ક્ષતિગ્રસ્ત હોય." "પ્રવર્ધન સાથે અથવા વગર" શબ્દસમૂહ મહત્વપૂર્ણ છે કારણ કે તે સૂચવે છે કે શ્રવણ-સહાય પૂરતું આવાસન પ્રદાન કરશે નહીં જેથી વિદ્યાર્થી વર્ગમાં સફળ થઈ શકે.
- શ્રવણ-શક્તિની તકલીફ: શ્રવણ-શક્તિની તકલીફથી ઓળખાતા વિદ્યાર્થીઓ હળવીથી લઈને ઊંડી માત્રામાં શ્રવણ-શક્તિના નુકસાનથી ઓળખાય છે. શ્રવણ-શક્તિની તકલીફ ધરાવતા લોકોને શ્રવણ-સહાયક અથવા અન્ય સહાયક શ્રવણ ઉપકરણોના ઉપયોગથી ફાયદો થઈ શકે છે. તેઓ અન્ય લોકો સાથે વાતચીતમાં મુખ્યત્વે બોલવામાં આવતા અંગ્રેજી પર આધાર રાખે છે.

વધુ માહિતી માટે અને ઉપલબ્ધ સંસાધનો વિશે જાણવા માટે મુલાકાત લો: www.nationaldeafcenter.org.

**અંધ/ઓછી દ્રષ્ટિ**

- IDEA મુજબ, દ્રષ્ટિની ક્ષતિ એટલે એવી દ્રષ્ટિ જે સુધારણા સાથે પણ બાળકની શૈક્ષણિક કામગીરીને પ્રતિકૂળ અસર કરે છે. આ શબ્દમાં આંશિક દ્રષ્ટિ અને અંધત્વ બંનેનો સમાવેશ થાય છે. આંશિક દૃષ્ટિ ઓછી દ્રષ્ટિને સંદર્ભિત કરી શકે છે (સુધારણાત્મક લેન્સ વડે પણ સામાન્ય વાંચનના અંતરેથી વાંચી શકતા નથી). અંધત્વ કાં તો કાયદેસર રીતે અંધ હોવાને (સારી આંખમાં 20/200 દ્રષ્ટિથી ઓછું), દ્રષ્ટિનું મર્યાદિત ક્ષેત્ર અથવા સંપૂર્ણ અંધત્વ (કોઈ દૃષ્ટિ નહીં) ને સંદર્ભિત કરી શકે છે.
- દ્રષ્ટિની ક્ષતિવાળા વિદ્યાર્થીઓને તેમના દ્રષ્ટિ ધરાવતા સાથીઓની જેમ સમાન વિષયો અને શૈક્ષણિક કુશળતા શીખવાની જરૂર રહેશે, જો કે તેઓ અનુકૂલિત રીતોથી આમ કરશે. તેઓએ કુશળતાનો વિસ્તૃત સમૂહ પણ શીખવો પડશે જે સ્પષ્ટ રીતે દ્રષ્ટિથી સંબંધિત છે.

વધુ માહિતી માટે અને ઉપલબ્ધ સંસાધનો વિશે જાણવા માટે મુલાકાત લો:

Division of Rehabilitation Services (પુનર્વસન સેવાઓ વિભાગ)
અંધ અથવા ગંભીરતાથી દૃષ્ટિની ક્ષતિવાળા વ્યક્તિઓ માટે પુનર્વસન સેવાઓ અને સંસાધનો માટેની માર્ગદર્શિકા http://dors.maryland.gov/Brochures/blind_guide.pdf

The Maryland School for the Blind મેરીલેન્ડ સ્કૂલ ફોર બ્લાઇન્ડ (અંધ શાળા)
3501 Taylor Avenue
Baltimore, MD 21236
(401) 444-5000
https://www.marylandschoolfortheblind.org/

American Association of the Deaf-Blind (અમેરિકન એસોસિયેશન ઓફ ધી ડેફ-બ્લાઇન્ડ)
8630 Fenton Street, Suite 121
Silver Spring, MD 20910-3803
(301) 495-4403
TDD/TTY Telephone: (304) 495-4402
ઇમેઇલ: AADB-Info@aadb.org

http://www.aadb.org/

Columbia Lighthouse for the Blind (કોલમ્બિયા લાઇટહાઉસ ફોર બ્લાઇન્ડ)
8720 Georgia Avenue Suite 210
Silver Spring, MD 20910
301-589-0894
http://www.clb.org/

National Federation of the Blind (નેશનલ ફેડરેશન ઓફ ધ બ્લાઇન્ડ)
200 East Wells Street
at Jernigan Place
Baltimore, MD 21230
ફેક્સ: (410) -685-5653

https://nfb.org/

# પરિશિષ્ટ D

## *શબ્દો અને ટૂંકાક્ષરોની શબ્દાવલી*

ADA - અમેરિકન્સ વિથ ડિસેબીલીટીસ એક્ટ - અપંગ વ્યક્તિઓ માટે નાગરિક અધિકાર અધિનિયમ

ASD - ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર

ASVAB - આર્મ્ડ સર્વિસિસ વોકેશનલ એપ્ટિટ્યુડ બેટરી

AT - આસિસ્ટિવ ટેકનૉલોજી -- લોકોને વાતચીત કરવામાં અથવા કાર્યને પૂર્ણ કરવામાં સહાય માટે લૉ અથવા હાઇટેક ડિવાઇસ (જેમ કે સ્વીચો અથવા કમ્પ્યુટર સોફ્ટવેર)

BHA - બિહેવરલ હેલ્થ એડ્મિનિસ્ટ્રેશન

CCS - કોર્ડિનેટર ઓફ કમ્યૂનિટી સર્વિસિસ

CIL - સેંટર્સ ફોર ઈંડિપેંડેંટ લિવિંગ

સમુદાય-આધારિત - સમુદાયમાં પૂરી પાડવામાં આવતી સેવાઓ જ્યાં અપંગતા સાથેના અથવા વગરના લોકો કામ કરે છે, રહે છે અને તેમનો નવરાશનો સમય વિતાવે છે, એક અલગ પર્યાવરણથી વિપરીત, જ્યાં કોઈ ચોક્કસ પર્યાવરણમાં તમામ વ્યક્તિઓ અપંગતા ધરાવ છે.

સ્પર્ધાત્મક રોજગાર - સમુદાય અંદર વ્યાવસાયિક પર્યાવરણમાં મળતો રોજગાર જેમાં કોઈ વધારાના સપોર્ટની જરૂર હોતી નથી

CRP - કમ્યૂનિટી રેહેબિલિટેશન પાર્ટનર (પુખ્ત પ્રણાલીમાંથી વિક્રેતાઓ કે જે અપંગ વ્યક્તિઓને શાળામાંથી બહાર નીકળ્યા પછી સેવાઓ અને સહાયતા પ્રદાન કરી શકે છે, જો તેઓ લાયક નક્કી હોવાનું નક્કી થાય તો.)

DDA - ડેવલપમેન્ટલ ડિસેબીલીટીસ એડ્મિનિસ્ટ્રેશન

DORS - ડિવિઝન ઓફ રિહેબિલિટેશન સર્વિસિસ

DLLR - ડિપાર્ટમેંટ ઓફ લેબર, લાઇસન્સ એન્ડ રેગ્યુલેશન

DSS - ડિપાર્ટમેંટ ઓફ સોશિયલ સર્વિસિસ

Eligible (લાયક) -ચોક્કસ આવશ્યકતાઓ પૂર્ણ કરીને સેવાઓ માટે પાત્ર થવું જોઈએ

Entitlement (ઉમેદવારી) - સેવાઓ મળવાની ખાતરી છે

Guardianship (ગાર્ડિયનશીપ) - એક અદાલતી કાર્યવાહી જે તૃતીય પક્ષને નોંધપાત્ર જ્ઞાનાત્મક અપંગતાવાળા પુખ્ત માટે નિર્ણય લેવાની સત્તા આપે છે (દા.ત., માતાપિતાને તેમના બાળકની નાણાંકીય બાબતે નિર્ણય લેવાની સત્તા આપવામાં આવે છે.)

IDEA - ઇંડિવિજલ્સ વિથ ડિસેબીલીટીસ એજ્યુકેશન એક્ટ - ફેડરલ નિયમો જે વિશેષ શિક્ષણનું સંચાલન કરે છે

IEP - ઈંડિવિજલ એજ્યુકેશન પ્રોગ્રામ

Interest Inventories (રુચિની સૂચિ)- મૌખિક, લેખિત અથવા કમ્પ્યુટર સ્વાધ્યાય કે જે વ્યક્તિને તેઓ જે કરવા માગે છે અને જે પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માંગે છે તેમાં મદદ કરે છે જેથી તેના આધારે તેઓ કઈ નોકરીઓ માટે સુયોગ્ય છે તે ઓળખવામાં મદદ મળે.

IPE - ઈંડિવિજ્લાઇઝ્ડ પ્લાન ફોર એમ્પ્લોયમેંટ

MA - મેડિકલ આસિસ્ટન્સ

MTA - મેરીલેન્ડ ટ્રાન્ઝિટ એડ્મિનિસ્ટ્રેશન

Pre-ETS - પ્રિ- એમ્પ્લોયમેંટ ટ્રાન્ઝિશન સર્વિસિસ અંડર વર્કફોર્સ ઇનોવેશન એન્ડ અપોર્ચ્યુનિટી એક્ટ (WIOA)

Self-Advocacy (સ્વ-હિમાયત) - પોતાના માટે જરૂરી સેવાઓ મેળવવાની પ્રક્રિયા

Self-Determination (સ્વ-નિર્ધારણ) - એક પ્રક્રિયા જેમાં વ્યક્તિની પસંદગીઓ, રુચિ, ક્ષમતાઓ અને ઇચ્છાઓ એ પ્રવૃત્તિઓના આયોજન અને અમલીકરણનું કેન્દ્ર છે

SGA - સબ્સ્ટેંશિયલ ગેઇનફુલ એક્ટિવિટી

SSA - સોશિયલ સિક્યોરિટી એડ્મિનિસ્ટ્રેશન

SSDI - સોશિયલ સિક્યુરિટી ડિસેબિલિટી ઇન્સ્યુરન્સ

SSI - સપ્લીમેંટલ સિક્યોરિટી ઇન્કમ

VR - વોકેશનલ રિહેબિલિટેશન

WIOA - વર્કફોર્સ ઇનોવેશન એન્ડ અપોર્ચ્યુનિટી એક્ટ

© મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ, પ્રારંભિક હસ્તક્ષેપ અને વિશેષ શિક્ષણ સેવાઓનો વિભાગ

# પરિશિષ્ટ E

## *સંક્રમણ પ્રક્રિયા: એજન્સી જોડાણ*

વિકલાંગ વિદ્યાર્થીઓને રોજગાર, માધ્યમિક-પછીનું શિક્ષણ, તાલીમ અને સ્વતંત્ર જીવનનિર્વાહ (જ્યારે યોગ્ય હોય ત્યારે) માં તેમના માધ્યમિક-પછીના ધ્યેયો પ્રાપ્ત કરવા પુખ્ત સેવાઓની જરૂર પડી શકે છે. પરિણામે, વિદ્યાર્થીઓ અને પરિવારોએ શાળા છોડતા પહેલા યોગ્ય જોડાણો બનાવવાની જરૂર છે જેથી સેવામાં કોઈ અંતર ન આવે. તમારી પરવાનગી સાથે, શાળાના પ્રતિનિધિ વિદ્યાર્થીને યોગ્ય એજન્સીઓ સાથે જોડવામાં સહાય કરશે. જો વિદ્યાર્થી લાયક નક્કી કરવામાં આવે તો જરૂરી સેવાઓ પ્રાપ્ત થાય છે તેની ખાતરી કરવા માટે અરજીની પ્રક્રિયા પૂર્ણ કરવાની જવાબદારી વિદ્યાર્થી અને પરિવારની છે.

અપંગ વ્યક્તિઓ માટેના માધ્યમિક સંક્રમણની યોજના માર્ગદર્શિકા સંભવિત પુખ્ત સેવાઓ વિશેની માહિતી પ્રદાન કરે છે. માર્ગદર્શિકામાં એજન્સી પાત્રતાના માપદંડ અને વિશિષ્ટ જોડાણ પ્રક્રિયા વિશેની માહિતી શામેલ છે. જ્યારે તમે સંક્રમણ પ્રક્રિયા શરૂ કરો અને પુખ્ત સેવાઓ સાથે જોડાણ શરૂ કરો ત્યારે આ માહિતી તમને અને તમારા બાળકને મદદ કરશે.

અપંગ વ્યક્તિઓ માટેના માધ્યમિક સંક્રમણની યોજના માર્ગદર્શિકાની સમીક્ષા એ યોગ્ય એજન્સી જોડાણ પ્રક્રિયાનું પ્રથમ પગલું છે. સહાય માટે યોગ્ય એજન્સી પસંદ કરવા માટે માર્ગદર્શિકા જરૂરી માહિતી પ્રદાન કરે છે. તમારા વિદ્યાર્થીનો શાળા સ્ટાફ એપ્લિકેશન પ્રક્રિયા સંબંધિત સ્થાનિક સંપર્ક માહિતી પ્રદાન કરી શકે છે.

અપંગ વ્યક્તિઓ માટે માધ્યમિક સંક્રમણની યોજના માર્ગદર્શિકાની પ્રાપ્તિ પુખ્ત વયની સેવાઓ આપતી એજન્સીઓ સાથે પ્રારંભિક જોડાણ તરીકે કાર્ય કરે છે. આ માર્ગદર્શિકાનું વિતરણ સંક્રમણની યોજના પ્રક્રિયાના ભાગરૂપે છે અને આ ફોર્મ પરની તમારી સહી તમારી માર્ગદર્શિકાની પ્રાપ્તિની પુષ્ટિ કરશે.

વિદ્યાર્થીનું નામ:

તારીખ:

સ્થાનિક સ્કૂલ સિસ્ટમ:

વિદ્યાર્થીની સહી:

વાલીની સહી:

© મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ, પ્રારંભિક હસ્તક્ષેપ અને વિશેષ શિક્ષણ સેવાઓનો વિભાગ

# મેરીલેન્ડમાં માધ્યમિક સંક્રમણ આયોજન વિશે વધુ માહિતી માટે:

### મેરીલેન્ડ રાજ્ય માધ્યમિક સંક્રમણ ટીમનો સંપર્ક કરો–

Maryland State Department of Education (મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ)
Division of Early Intervention and Special Education Services
(પ્રારંભિક હસ્તક્ષેપ અને વિશેષ શિક્ષણ સેવાઓનો વિભાગ)
200 West Baltimore Street
Baltimore, Maryland 21201
410-767-0244 ફોન
410333-8165 ફેક્સ



© મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ, પ્રારંભિક હસ્તક્ષેપ અને વિશેષ શિક્ષણ સેવાઓનો વિભાગ

Maryland State Department of Education (મેરીલેન્ડ રાજ્ય શિક્ષણ વિભાગ)

સુધારવામાં આવ્યું: એપ્રિલ 2020